# જામનગર જિલ્લા પંચાયત અને તા.પં.ની બેઠકો માટે ૩૩૪ ઉમેદવારો ચૂંટણી જંગમાં

### તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ૫.૪૬ લાખ મતદારોઃ જિલ્લાના ૨૦૫ સંવેદનશીલ અને ૨૨ અતિ સંવેદનશીલ મતદાન મથકો

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૫

જામનગર જિલ્લા પંચાયતની ૨૬ અને તાલુકા પંચાયતની ૧૧૨ બેઠકો માટે તા.૨૮ના રોજ ચૂંટણી થનાર છે જયારે સિકકાના ૮ વોર્ડની ૨૮ બેઠકો માટે ચૂંટણી યોજાશે, દ્વારકા જિલ્લા પંચાયત અને એ જિલ્લાની ચાર તાલુકા પંચાયતની ચૂંટણી થઈ રહી છે ત્યારે જામનગર જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને સિકકા નગરપાલિકામાં કુલ ૫૧૧ ઉમેદવારો મેદાનમાં છે જયારે ૫.૪૩ લાખ મતદારો મતદાન કરી શકશે, જિલ્લામાં કુલ ૭૦૫ મતદાન મથકોમાંથી ૨૦૫ સંવેદનશીલ અને ૨૨ મથકો અતી સંવેદનશીલ મથકો જાહેર કરવામાં આવ્યા છે.

જામનગર જિલ્લા પંચાયતની ૮ બેઠકો અને તાલુકા પંચાયતની છ બેઠકો માટે ૨૦૧ મતદાન મથકો છે અને ૧૬૫૨૩૯ મતદારો છે. કાલાવડમાં ચાર બેઠક જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૧૮ બેઠક માટે ૧૩૫ મતદાન મથકોમાં ૯૪૧૪૪ મતદારો, લાલપુરની ૪ જિલ્લા પંચાયતની અને ૧૮ તાલુકા પંચાયતની બેઠકમાં ૧૨૫ મથકો અને ૮૫૩૧૯ મતદારો, જામજોધપુરમાં જીલ્લા પંચાયતની ૪ અને પંચાયતની ૧૮ બેઠક માટે ૧૧૩ મતદાન મથકો અને ૮૫૩૧૯ મતદારો છે. ધ્રોલમાં પંચાયતની બે બેઠકોમાં ૧૬ તાલુકા પંચાયત અને ૬૬ મતદાન મથકો, ૪૫૫૬૩ મતદારો તેમજ જોડિયાને બે જીલ્લા પંચાયતની ૧૬ બેઠક માટે ૬૫ મતદાન મથકોમાં ૫૨૦૮૫ મતદારો છે. આમ કુલ જીલ્લા પંચાયતની ૨૪ બેઠકો માટે ૧૧૨ તાલુકા પંચાયતોમાં ૭૦૫ મતદાન મથકો અને ૫૪૩૦૫૫ કુલ મતદારો છે.

સિકકા નગરપાલિકાની ચૂંટણી પણ રવિવાર તા.૨૮ના રોજ છે જેમાં ત્રિપાંખિયો જંગ છે. ભાજપ ૨૮, કોંગ્રેસ ૨૮, આપ ૨૪ અને અન્ય પાંચ થઈ કુલ ૮૫ મુરતિયાઓ મેદાનમાં છે. જયારે જામનગર જિલ્લા પંચાયતની આખરી સ્થિતી જોઈએ તો ભાજપના ૨૪, કોંગીના ૨૪, આપના ૧૭ અપક્ષ સહિત કુલ ૮૨ ઉમેદવારોએ આ ચૂંટણી જંગમાં ઝુકાવ્યું છે.

પોલીસ દ્વારા અતિ સંવેદનશીલ એવા ૨૨ અતી સંગેદનશીલ મથકો માર્ક કરવામાં આવ્યા છે અને ત્યાં સીસીટીવી કેમેરા સહિત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે, જયારે ૨૦૫ મથકો સંવેદનશીલ ગણાયા છે. આ ચૂંટણીમાં છ ડે.કલેકટર ૧૨ મામલતદાર, ૭૦૫ બેલેટ યુનીટ, ૭૦૫ કધટ્રોલ યુનીટ અને ૧૪૧૦ ઈવીએમ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે અને જો કયાંય મશીન બંધ થઈ જાય તો ૭૧ વધારાના ઈવીએમ મશીન પણ રાખવામાં આવ્યા છે.

# લાલપુરમાં સી.આર. પાટીલનો રોડ શો તથા જાહેરસભામાં જીતનો હુંકાર






ચક્રવાત ટીમ જામનગર, તા.૨૫

જામનગર જિલ્લાના લાલપુર ખાતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની આગામી તા.૨૮ના રોજ યોજાનાર ચૂંટણી સંદર્ભે આજે સૌ પ્રથમ વખત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલનો રોડ શો યોજવામાં આવ્યો હતો. આ રોડ શોમાં મોટી સંખ્યામાં લાલપુર તથા તાલુકા કક્ષાએથી લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમજ લાલપુરની ગુજરી બજારના મેદાનમાં યોજવામાં આવેલી જાહેર સભામાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ભાજપના ઉમેદવારોને જંગી મતે વિજયી બનાવવાની હાંકલ કરી હતી. આ સભામાં રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, સાંસદ પૂનમબેન માડમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊના : નવાબંદર ગામના બુટલેગરને પાસા હેઠળ જેલ હવાલે કરાયો



ચક્રવાત ટીમ ઊના, તા. ૨૫

ઉનાના કોબ ગામે રહેતો અને છેલ્લા ધણા સમયથી દારૂના અનેક ગુન્હામાં સંડોવાયેલ શખ્સને ઝડપી પાડી પાસા ધારા હેઠળ ધકેલવા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. અને આ બુટલેગરને નવાબંદર ગામેથી પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવેલ છે. તાલુકાના કોબ ગામે રહેતો પુંજાભાઈ ઉર્ફે કરશન લાખા બારૈયા દારૂના અનેક ગુન્હામાં સંડોવાયેલ હોય અને નવાબંદર પોલીસમાં તેના વિરૂધ્ધ ફરીયાદ પણ નોધાયેલ આથી ગીર સોમનાથ જીલ્લા વેરાવળ પોલીસ અધિકારીએ આવી પ્રવૃતિ કરનાર ગુન્હાના આરોપીઓની અટકાયતી પગલા લેવાની સુચનાથી નવાબંદર મરીન પોલીસના પીએસઆઈ કેવી પરમાર, કંચનબેન, સરમણભાઈ, પ્રદિપસિંહ, સહીતના સ્ટાફે આ શખ્સોને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી કરી પાસા ધારા હેઠળ અટકાયત કરી અમદાવાદ સાબરમતી જેલ હવાલે કરેલ છે. આમ નવાબંદર મરીન પોલીસની કામગીરીથી ગંભીર ગુન્હાઓ, દારૂ, તેમજ માથાભારે શખ્સોમાં ફફડાટ મચી ગયેલ.

# સરસવા જીલ્લા પંચાયત સીટના અપક્ષના ઉમેદવાર છત્રાભાઈ ખાંટની જીત નિશ્ચિત

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૫

મહીસાગર જીલ્લામાં સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે હરીગઢના મુવાડા ગામે સેવાભાવી ઉત્સાહી એવા છત્રાભાઈએ શુભ મુહૂર્તમા ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવતા ઠેર ઠેર મતદારો નો મોટો સહકાર જોવા મળ્યો છે ગામે ગામે એક જ અવાજ છત્રાભાઈ ખાંટના નિશાન ધડો હોવાથી ઠેર ઠેર ધડો છલકાય જશે તમે ચિંતા નથી કરો તેવું મતદારોના મુખે લોક ચર્ચાઓ જોવા મળે છે પરંતુ હવે મતદારો પણ દિશા બદલવા તૈયાર થયા છે બસ અમારે તો અપક્ષ ઉમેદવાર સિવાય અમારો ઉદ્ધાર નથી જીતશે અપક્ષ ઉમેદવાર છત્રાભાઈ ખાંટ સરસવા જીલલા પંચાયત પરના ગામે ગામ એક જ અવાજ જીતશે અપક્ષ ઉમેદવાર.

# વેરાવળ : પ્રાચી તીર્થખાતેરાજકોટના કોર્પોરેટર કંચનસિધ્ધપુરાનું સન્માન કરાયુ



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૫

યાત્રાધામ પ્રાચી તીર્થ સમસ્ત લુહાર સમાજ દ્વારા વિશ્વકર્મા દાદા ની જન્મ જયંતી ઉજવાઈ તેમજ કંચનબેન સિધ્ધપુરા કોર્પોરેટ રાજકોટ નું સન્માન સમારો યોજાયો હતો. તેમજ હવન યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું સર્વે જ્ઞાતિબંધુ એ પ્રસાદી નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને પ્રમુખ દેવજીભાઈ સિધ્ધપુરા રવજીભાઈ સિધ્ધપુરા તથા સર્વે કમિટી મંડળ હાજરી આપી હતી અને કંચનબેનનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

# નરેન્દ્ર મોદીએ પુડુચેરીમાં વિપક્ષ પર પ્રહારો કર્યા

### રાહુલ ગાંધીએ જુઠ્ઠુ બોલવામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છેઃ મોદી

(જી.એન.એસ)પોંડિચેરી,તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પુડુચેરીની મુલાકાત દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર બરાબરના વરસી પડ્યાં હતાં. તેમણે રાહુલ ગાંધી પર જુઠ્ઠાણામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હોવાનો ટોણોં મારી મત્સપાલન મંત્રાલયને લઈને જોરદાર ઝાટકણી કાઢી હતી. પીએમ મોદીએ રાહુલ ગાંધીના ‘મત્સ્યપાલન મંત્રાલય’બનાવવાના નિવેદનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેમનું નિવેદન સાંભળીને હું સ્તબ્ધ રહી ગયો હતો. કોંગ્રેસ પાર્ટી જૂઠ્ઠાણાના સહારે જ ચાલે છે. નોંધનીય છે કે, રાહુલ ગાંધીએ થોડા દિવસના અંતરમાં બે વાર મત્સ્યપાલન મંત્રાલયને લઈ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું, ત્યારબાદ બીજેપીએ વળતા હુમલાઓ કરવાનુ શરુ કરી દીધું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પુડુચેરી પહોંચ્યા હતાં. કેન્દ્રશાસિત પ્રદેશ એવા પુડુચેરીમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સની શરૂઆત કરતા પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, હકીકત એ છે કે એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯માં જ મત્સ્યપાલન માટે મંત્રાલયની રચના કરી હતી. મત્પ્સપાલન માટે ફાળવેલું બજેટ માત્ર બે વર્ષમાં ૮૦ ટકાથી વધુ થઈ ગયું છે. તેમણે રાહુલ ગાંધીના ઉત્તર-દક્ષિણવાળા નિવેદનનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું કહ્યું કે, કોંગ્રેસની ભાગલા પાડો, ખોટું બોલો અને રાજ કરોની નીતિ છે. તેઓ ખોટું બોલવામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતા છે.

જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ બીજાને લોકતંત્ર વિરોધી કહેવાની કોઈ તક છોડતી નથી. પણે તેણે પોતે અરીસામાં જોવાની જરૂર છે. તેમણે દરેક પ્રકારે લોકતંત્રનું અપમાન કર્યું. પુડુચેરીમાં તેમણે પંચાયતની ચૂંટણી કરાવવાનો પણ ઈનકાર કરી દીધો. કોંગ્રેસની ભાગલા પાડો, ખોટુ બોલો અને રાજ કરોની નીતિ છે. તેઓ ખોટું બોલવામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતા છે.

પીએમ મોદીએ પોતાના ભાષણમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ‘મત્સ્યપાલન મંત્રાલય બનાવીશું’ વાળી ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો અને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ નેતા અહીં આવીને કહે છે કે અમે માછીમારો માટે મત્સ્યપાલન મંત્રાલય બનાવીશું, હું ચોંકી ગયો. હકીકતમાં અમારી એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯માં જ માછીમારો માટે મંત્રાલય બનાવ્યું હતું.

# કોડીનારમાં ભાજપના પ્રચારઅર્થે સી.આર.પાટીલની જાહેરસભા યોજાઈ



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૫

જીલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીનો પ્રચાર આખરી તબકકામાં પહોંચ્યો છે ત્યારે આજે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની એક જાહેર સભા જીલ્લાના કોડીનાર ખાતે તાલુકા અને પાલીકાના ઉમેદવારોના સમર્થનમાં યોજવામાં આવેલ. જેમાં સી.આર. પાટીલે કોંગ્રેસ પર આકરા પ્રહારો ચલાવી જણાવ્યું હતું કે કોંગ્રેસે ચૂંટણી પહેલા જ હાર માની લીધેલ છે.

# વેસ્ટ ઝોન એથ્લેટીક્સ સ્પર્ધામાં સોમનાથ એકેડમી કોડીનારના ખેલાડીઓ અવ્વલ નંબરે






ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૫

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેલ જગતમાં ખુબ જ ઉમદા પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. રાયપુર છત્તીસગઢ ખાતે યોજાયેલ ૩૨ મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં અંડર ૧૪- લોન્ગ જંપ સ્પર્ધામાં વાજા કાજલ હીરાભાઈ વર્ષે ૨૦૨૧ મા બ્રોન્ઝ મેડલ મેળવી રાયપુર છત્તીસગઢ ખાતે યોજાયેલ ૩૨ મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં સોમનાથ એકેડમી કોડીનાર ની ખેલાડી અંડર ૧૪- ૬૦ મીટર સ્પર્ધામાં વાજા કાજલ હીરા ભાઈ આ વર્ષે ૨૦૨૧ મા પણ સિલ્વર મેડલ મેળવી સોમનાથ ડી. એલ. એસ.એસ. કોડીનાર તેમજ અંડર ૧૮- ચક્રફેંક સ્પર્ધામાં વેગડ હર્ષે જીગ્નેશભાઈ આ વર્ષે ૨૦૨૧ મા બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. ખેલજગત માં કોડીનાર ગીર સોમનાથ જિલ્લામાં આ વિધાર્થીઓ દ્વારા અત્યંત ગૌરવશાળી પ્રદર્શન કરવામાં આવેલ છે.

# આ ઝાંકળ નથી પરંતુ ધૂળની આંધી છે



ચક્રવાત ટીમ ઊના, તા.૨૫

ઊના ભાવનગર હાઈવેનું કામ લાંબા સમયથી અને ધીમીગતીએ ચાલતુ હોય જેથી મુખ્ય હાઈવે પરથી પસાર થતાં નાના મોટા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે ઉનાના ગાંગડા ગામના બસસ્ટેન્ડ પાસે આ હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકો આ ધુળની ડમરીઓથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અને લોકોના આરોગ્યને તેમજ રસ્તાની સાઈડો પર આવેલ ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન થતુ હોવાનું જોવા મળે છે. પરંતુ આ ધુળની ડમરી જાણે કે વહેલી સવારનો ઝાંકળ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

# ધો.૩ થી ૮ની તા.૧૫ માર્ચથી લેવાનારી પ્રથમ સંત્રાંત પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ફરજીયાત

### તમામ શાળાઓમાં પ્રશ્નપત્ર કોમન રહેશે

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૫

રાજયની પ્રાથમિક શાળાઓમાં ધો. ૩ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષા આગામી તા.૧૫ માર્ચથી લેવામાં આવનાર છે. આ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. વાર્ષિક પરિણામ માટે વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપવી ફરજીયાત છે. તમામ શાળાઓમાં કોમન પ્રશ્નપત્ર રહેશે. આ પરીક્ષા શાળા તેમજ ઘરે બેઠા વિદ્યાર્થીઓ આપી શકશે.

આ અંગે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-જીસીઈઆરટી અને પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા રાજયના તમામ ડીઈઓ અને ડીપીઓ તથા કોર્પોરેશન સ્કૂલોના શાસનાધિકારીઓને જાણ કરી દેવામાં આવી છે અને સૂચના આપવામાં આવી છે કે ૧૫ માર્ચથી પ્રથમ સત્ર નિદાન કસોટી લેવાની રહેશે.રાજયની જિલ્લા પંચાયત અને કોર્પોરેશન હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ધોરણ ૩ થી ધો.૮માં પ્રથમ સત્રાંત પરીક્ષા લેવાશે. આ પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવાયો છે. પરીક્ષા બાદ મુલ્યાંકન પણ કોમન થશે. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન વિષયની સમાન પરીક્ષા લેવાની રહેશે અને બાકીના વિષયોની પરીક્ષા ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલો પોતાની રીતે લઈ શકશે.

# વેરાવળની બોયઝ હાઈસ્કૂલની બિલ્ડીંગમાં કાર્યરત સરકારી સાયન્સ કોલેજના પ્રન્સિીપાલ અને બે પ્રોફેસરોને કોરોના




ચક્રવાત ટીમ વેરાવળ, તા.૨૫

ગીરસોમનાથના મુખ્ય મથક વેરાવળની સરકારી સાયન્સ કોલેજ કોરોનાની ઝપેટમાં આવતા હડકંપનો માહોલ પ્રસર્યો છે. સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ અને બે પ્રોફેસર કોરોના સંક્રમિત આવતા સાવચેતીના ભાગરૂપે તાત્કાલીક ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. જ્યારે સંક્રમિતોને હોમ કવોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં કોરોનાનું સંક્રમણ પ્રસરે તેવો ડર વિદ્યાર્થીઓમાં છે.

કોરોના સંક્રમીત પ્રિન્સિપાલ અને બંન્ને પ્રોફેસરને કોઈ પણ લક્ષણો ન હોવાથી હોમ ક્વોરેન્ટાઈન કરાયા. હાલ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીઓમાં ઉમટતી ભીડ અને ટોળાઓનાં કારણે કોરોનાનું સંક્રમણ વધશે તેવું જાણકારો સંદેહ વ્યકત કરી રહ્યા છે. જ્યારે વેરાવળમાં રાજેન્દ્ર ભુવન રોડ પર બોયઝ હાઈસ્કુલના બિલ્ડીંગમાં કાર્યરત સરકારી સાયન્સ કોલેજ થોડા દિવસોથી શરૂ થયેલ છે. ત્યારે આજે સાયન્સ કોલેજના પ્રન્સિીપાલ અને બે પ્રોફેસરો કોરોના પોઝીટીવ આવતા હડકંપ જેવી સ્થીતિ પ્રસરી હતી. જોકે, સાવચેતીના ભાગરૂપે સાયન્સ કોલેજમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. જ્યારે કોરોના સંક્રમતિ આવેલા પ્રિન્સિપાલ અને બંન્ને પ્રોફેસરને ખાસ કોઈ લક્ષણો ન હોવાથી હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા વિદ્યાર્થીઓને સમજણ અપાઈ સાયન્સ કોલેજમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા હતા. જે વિદ્યાર્થીઓમાં આગામી દિવસોમાં કોરોનાનું સંક્રમણ પ્રસરે તેવી ભિતી સેવાઈ રહી હોવાથી તમામને સર્તક રહી કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા અને કોઈ તકલીફ જેવું લાગે તો ટેસ્ટ કરાવી લેવા સમજણ આપવામાં આવી છે. તો બીજી તરફ છેલ્લા ઘણા દિવસોથી ગીરસોમનાથ જિલ્લામાં દરરોજ પાંચથી સાત કોરોનાના પોઝિટિવ કેસો આવી રહ્યા છે. હાલ જિલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચુંટણી સંદર્ભે રાજકીય પક્ષોની જાહેરસભા, ગ્રુપ મિંટીગોમાં ઠેર ઠેર લોકોના ટોળે ટોળા જોવા મળી રહ્યા છે. એટલે આગામી દિવસોમાં જિલ્લામાં કોરોનાના કેસોમાં ઉછાળો આવી શકે છે તેવી સંભાવનાઓ છે.

# ભાયાવદરના શિક્ષક દંપતિએ બાળકોને ગેમ સાથે જ્ઞાન મળે તે હેતુથી કૃતિઓ બનાવી મેળવ્યા અનેક એવોર્ડ અને સન્માન



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૫

હાલના સમયમાં દરેક બાળક અભ્યાસ ક્ષેત્રે અભ્યાસ મેળવવા માટે ડિજીટલ માધ્યમનો ઉપયોગ કરતો થઈ ગયો છે તે ખૂબ સારી બાબત કહેવાય છે પરંતુ આજના આ ડિજિટલ માધ્યમના કારણે બાળકને માત્ર અભ્યાસનું જ જ્ઞાન મળે છે એટલે કે પુસ્તકમાં રહેલું જ જ્ઞાન મેળવે છે ત્યારે બાળકોને તમામ જ્ઞાન મળે તે માટે રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકાના ભાયાવદર નગરમાં રહેતા અને વડાળી ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા પ્રકાશભાઈ નિરંજની અને તેમના પત્ની રંજનબેન નામના બન્ને શિક્ષક દંપત્તિએ બાળકોને રમત રમવાની સાથે જ્ઞાન કઈ રીતે મળે અને જ્ઞાની સાથે તેમને ગમ્મત કરવાની પણ મજા મળે તે માટેના પ્રયાસ અર્થે ગેમ સાથે અભ્યાસનો પણ ખૂબ જ વિકટ થાય તેવા પ્રકારની અનેકો કૃતિઓ બનાવી છે અને આ તમામ કૃતિઓ તેમના બાળકો અને વિદ્યાર્થીઓને રમવા આપે છે અને આ રમતની સાથે બાળકોને જ્ઞાન પણ મળે છે અને અભ્યાસ ક્ષેત્રમાં મદદ કરે છે. આ દંપતીનું કહેવું છે કે કોરોના કાળના કપરા સમયમાં તેઓએ સાથે મળી અને પોતાના નવરાશના તમામ સમયમાં નાના બાળકોને અભ્યાસ વધુ મળે અને તેમની શૈક્ષણીક અભ્યાસની ક્ષમતા વધારવા અને ભાર વિનાનું ભણતર સમાન જ્ઞાન આપવા આવી કૃતિઓ પણ આપવામાં આવતી જેથી બાળકને અભ્યાસ પણ શરૂ રહે અને સાથે તેમને રમત-ગમત કરવા માટેની વસ્તુ પણ મળે છે.

શિક્ષક પ્રકાશભાઈને ઘણા વર્ષો પહેલા બાળકો માટે જ્ઞાન અને ગમ્મત બન્ને મળે તે માટે વિચાર આવ્યો જે બાદ આ બન્ને પતિ-પત્ની શિક્ષકોએ સાથે મળી અને અનેકો પ્રકારની કૃતિઓ તૈયાર કરી છે અને આ તેમની બનાવેલી કૃતિઓ કોઈ બજારમાં વહેંચાતી વસ્તુઓથી નહિ પરંતુ ઘરમાં પડેલી અને બિન ઉપયોગી વસ્તુઓને વેસ્ટમાંથી બેસ્ટ ઉપયોગ કરી અને બાળકોને ગેમો રમવાની સાથે જ્ઞાન અને ગમ્મત મળે તે માટે આવી કૃતિઓ તૈયાર કરી છે જે આપને પણ સ્પષ્ટ પ્રમાણે જોઈ શકીએ છીએ કે વેસ્ટ વસ્તુઓ જે આપણા ઘરોમાં જ મળી રહેતી હોય તેવી તમામ વસ્તુઓની મદદથી બાળકોને અને ખાસ કરીને નાના બાળકોને રમત-ગમતના રમકડાં મળે તેમ આ રમકડાં સમાન જ્ઞાન અને સામાજિક તેમજ શૈક્ષણિક જ્ઞાન મળે તે માટેની આ તમામ કૃતિઓ જોઈ શકાય છે.

આ શિક્ષક દંપતી દ્વારા બનાવાયેલી કૃતિઓ અને તેમની કબિલિયત અને બાળકોને અભ્યાસ ક્ષેત્રમાં મદદરૂપ થઈ રહી છે અને આવનારા દીવસોમાં પણ ખૂબ મદદરૂપ થશે તેવું પણ કહી શકાય.

# ટૂંક સમયમાં મુંબઈ, નવી મુંબઈ અને રાયગડ જિલ્લામાં કેટલીક જગ્યાએ વોટર ટેક્સી ટ્રીપ

### ૨૦,૦૦૦ કરોડના લક્ષ્યાંક સાથે બે દિવસમાં ૭,૫૦૦ કરોડના એમ.ઓ. યુ.પર હસ્તાક્ષર કરવામાં આવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

મુંબઈથી જળમાર્ગે વાશી, એરોલી, નેરુલ, બેલાપુર, જેએનપીટી, રેવાસ વગેરે પહોંચવાના મુંબઈકારોનું સ્વપ્ન ટૂંક સમયમાં પૂર્ણ થશે. પરિણામે, આગામી મહિનાઓમાં નાગરિકો માટે વોટર ટેક્સીઓ ઉપલબ્ધ થશે.

બંદરો અને દરિયાઈ ક્ષેત્રોમાં રોકાણને વેગ આપવા બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે ૨ થી ૪ માર્ચ દરમિયાન મેરીટાઈમ ઈન્ડિયા સમિટનું આયોજન કર્યું છે. આ સંમેલન વર્ચુઅલ રીતે યોજવામાં આવશે અને આ પ્રસંગે વિવિધ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવી રહ્યા છે. બંદર ટ્રસ્ટના અધ્યક્ષ રાજીવ જલોટાએ જણાવ્યું હતું કે, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ દ્વારા રૂ. ૨૦,૦૦૦ કરોડના લક્ષ્યાંક સાથે બે દિવસમાં ૭,૫૦૦ કરોડના એમ.ઓ.યુ.પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ એમઓયુએ મુંબઈ, નવી મુંબઈ અને રાયગડ જિલ્લામાં કેટલીક જગ્યાએ વોટર ટેક્સી સુવિધા શરૂ કરવાને વેગ આપ્યો છે. આ સેવાનું આયોજન મુંબઈ પોર્ટ ટ્રસ્ટ કરશે અને તેનું સંચાલન ખાનગી ઓપરેટરો કરશે. હાલના કેટામરાન, લોંચનો ઉપયોગ આ માટે કરવામાં આવશે તેમ પોર્ટ ટ્રસ્ટના



અધિકારીઓએ જણાવ્યું હતું.

નેરુલ અને બેલાપુરમાં જેટીઓ પર કામ જોરશોરથી ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં પૂર્ણ થશે. પરિણામે, સુવિધા ત્યાં આવતા બે મહિનામાં શરૂ કરવામાં આવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ સેવાના ભાડાને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. આ સુવિધા મુખ્યત્વે દૈનિક પરિવહન માટે છે, તે મુજબ તેનું ટેરિફ નક્કી કરવાની યોજના છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જે કંપનીઓ વોટર ટેક્સીઓની સુવિધા ઉપલધ્ધ કરાવી શકે તેવી કોર્પોરેટ સેક્ટર પાસેથી માહિતીઓ મગાવવામા આવી રહી છે. વોટર ટેક્સીઓ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ક્રુઝ ટર્મિનલ અને બંદર વિસ્તારમાં ક્રુઝ રોમિંગ સર્વિસ સહિત વિવિધ ક્રુઝ ડીલ્સ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કાશીદ સુધી રો રો સેવા વધારવાનો કરાર પણ થઈ ગયો છે. ગુજરાતથી મહારાષ્ટ્ર સુધી રો-રો સેવાનો વિસ્તાર થવાની પણ અપેક્ષા છે. આ ઉપરાંત વહાણોના સમારકામ માટે ફ્લોટિંગ ડ્રાય ડોક્સ પણ બનાવવામાં આવશે.

મુંબઈ (પ્રિન્સેસ ડોક) થી વાશી, એરોલી, નેરુલ, બેલાપુર, જેએનપીટી રેવાસમાં વોટર ટેક્સીઓ ઉપલબ્ધ રહેશે. વળી, મુંબઈથી બેલાપુર સુધીનું અંતર લગભગ એક કલાકમાં આવરી શકાય છે. પાણીની ટેકસીની ક્ષમતા શરૂઆતમાં ૧૦ થી ૫૦ મુસાફરોની રહેશે. તે પછી, તબક્કાવાર ૧૦૦ મુસાફરોની ક્ષમતામાં વધારો કરવાનો લક્ષ્યાંક છે.

# કોરોના ઈફેકટ : અંગારાકી ચતુર્થીએ સિદ્ધિવિનાયકના દર્શન નહિ થાય

### ઓનલાઈન નોંધણી કરાવી ક્યુઆર કોડ ધરાવનારને પરવાનગી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

મહારાષ્ટ્રમાં વધતા કોરોનાવાયરસ કેસ ફરી એક વાર માથુ ઉચકી રહ્યુ છે. દર્દીઓની સંખ્યા ઓછી થવાને બદલે વધી રહી છે. પરિણામે, સામાન્ય લોકો આશ્ચર્યચકિત થઈ રહ્યા છે કે લોકડાઉન પછી શરૂ કરાયેલ જાહેર સ્થળો ફરીથી બંધ થશે કે કેમ. વિવિધ મંદિરો પર પણ ફરી એકવાર પ્રતિબંધો લાદવાનું શરૂ થયું છે. કોરોના સંક્રમણને રોકવા માટે, માસ્ક પહેરીને, સામાજિક અંતરના નિયમોનું પાલન કરવું જરૂરી છે.દરમિયાન, મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરના



ભક્તો માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. મંદિર પ્રશાસને અંગારકી ચતુર્થીના ઓફલાઈન દર્શન બંધ કરવાનો નિર્ણય લીધો છે. નિર્ણય કોરોનાની પૃષ્ઠભૂમિ સામે કરવામાં આવ્યો છે. આ સમયે, ફક્ત તે જ ભક્તોએ ઓનલાઈન નોંધણી કરાવી છે અને જેમની પાસે આ નોંધણીનો ક્યૂઆર કોડ હશે તેઓને જ પ્રવેશ આપવામા આવશે.

૨ માર્ચ એ અંગારકી ચતુર્થી છે. કોરોનાની મહામારીને લીધે, ભક્તોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. જેઓને પ્રવેશ માટે મંજૂરી આપવામા આવી હશે, તેઓ પણ સવારે ૮ થી રાતના ૯ વાગ્યાની વચ્ચે દર્શન કરી શકશે. સંકષ્ટિ એટલે દુ: ખ પર કાબુ મેળવનાર. સંકષ્ટિ ચતુર્થી એ પ્રિય ગણપતિને સમર્પિત દિવસ છે. આ દિવસે ગણપતિની પૂજા કરવામાં આવે છે, જે ઘરમાં સુખદ વાતાવરણ બનાવે છે. હિન્દુ કેલેન્ડર મુજબ સંકષ્ટિ ચતુર્થીનો ઉપવાસ કૃષ્ણ પક્ષ ચતુર્થી પર મનાવવામાં આવે છે. આપણા પ્રિય ગણપતિ પ્રથમ ભગવાન માનવામાં આવે છે, તેથી આપણે દરેક શુભ કાર્યો કરતા પહેલા ગણપતિની પૂજા કરીએ છીએ. સંકષ્ટિ ચતુર્થી જે મંગળવારે આવે છે તેને અંગારકી ચતુર્થી કહેવામાં આવે છે.

## થાણેમાં વૃક્ષ ધરાશાયી થતા ૩ રીક્ષાનો કચ્ચરઘાણ



થાણેમાં કમાણી એસ્ટેટ પાસે એક વિશાળકાય વૃક્ષ નજીક પાર્ક કરાયેલી રિક્ષા પર તુટી પડ્યું હતું. આ ઘટનામાં ત્રણ રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો પરંતુ સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નહોતી.

# નાયગાંવ-ભાયંદર બ્રિજ નીચે થયેલ બાર્જ અકસ્માત કેસમાં આઠની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

થોડા દિવસો પહેલા, નાયગાંવ- ભાયંદર રેલ્વે ક્રીક બ્રિજ સાથે બાર્જ (બોટ) રાત્રિના સમયે ધડાકાભેર અથડાયુ હતુ.. માણિકપુર પોલીસે આ કેસમાં આઠ આરોપીઓની અટક કરી છે. બીજી તરફ, પાણીથી ડૂબી ગયેલા બાર્જને પાણીમાંથી બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

નાયગાંવ-ભાયંદર ક્રિક બ્રિજની નીચે અનેક નાના-મોટી બોટ ફરતી હોય છે, પરંતુ કેટલાક બાર્જ ચોરીછુપીથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૧૨ ફેબ્રુઆરીની રાતના સમયમા બાર્જે રેલ્વેના પૂલ સાથે અથડાતા બીજના પિલરોને મોટુ નુકશાન થયુ હતુ. તેમજ બાર્જ બીજ નીચેથી પસાર નહિ શકતા તે પાણીમા ફસાય ગયુ હતુ.ભરતી વધતાં પુલને જોરદાર ટક્કર લાગતા અને પુલ ઉચકાયો હતો, જેના કારણે બાર્જ પરના લોકોએ ગેસ કટર વડે બાર્જને કાપીને ડૂબાડી ભાગી ગયા હતા. આ



અકસ્માતમાં રેલ્વે બ્રિજને નુકસાન થયું હતુ.

લાખો મુસાફરોની જીંદગી સાથે રમવાનો પ્રયાસ કરવા બદલ માણેકપુર પોલીસે બાર્જ માલિક અને સાત ખલાસીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. માણેકપુર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર ભાઉસાહેબ આહિરે જણાવ્યું હતું કે, માણિકપુર પોલીસે તમામ આઠ આરોપીઓની ધરપકડ કરી છે. તેમણે એમ પણ કહ્યું કે, મેરીટાઈમ બોર્ડ, બંદર વિભાગ, રેલ્વે વિભાગ અને પોલીસ દ્વારા અકસ્માત બાદ બોટને પાણીમાંથી બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં નાયગાંવ-ભાયંદર ક્રીક બ્રિજ પર એક બાર્જ ધડાકાભેર અથડાતા પુલને મોટું નુકસાન થયું હતું. બાર્જ પર હાજર લોકો અને બાર્જનો ચાલક ડૂબાડીને નાસી છૂટયા હતા. આવી ઘટનાઓ ફરીથી ન બને તે માટે નાયગાંવ-ભાયંદર ક્રિક બ્રિજ પર સીસીટીવી લગાવવાની નાગરિકો માંગ કરી રહ્યા છે જો આ બાર્જ ડૂબ્યુ ન હોત તો પુલ તૂટી પડ્યો હોત. આ બાર્જએ રેલ્વેની કોઈ પરવાનગી લીધા વિના પુલની નીચેથી આવ જા બેધડકપણે કરવામા આવે છે પરંતુ જો બાર્જ પુલને ટકરાશે તો મોટા અકસ્માત થવાનું જોખમ છે, એમ સામાજિક કાર્યકર્તા એ જણાવ્યું હતું. આ બ્રિજ ૨૦૦૬ થી ચાર વખત આ પ્રકારના અકસ્માત નોંધાયા છે. પરંતુ તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. બ્રિજ હેઠળ આવી ઘટનાઓ અને ટ્રાફિક પર નજર રાખવા માટે આ વિસ્તારમાં સીસીટીવી લગાવવામાં આવે તેવી માંગ સ્થાનિક રહેવાશીઓએ કરી છે.

## મુંબઈ-સૂરત હાઈવે પર ચિલ્હાર પાસે કંટેનરમા ભરેલ લકઝરી કારો આગમા ખાક




મુંબઈ-અમદાવાદ હાઈવે પર લકઝરી કારોથી ભરેલ કંટેનરમા અચાનક આગ લાગતા પાંચ કારો બળીને ખાક થઈ ગઈ હતી.કંટેનરચાલકની સર્તકતાએ વાહન સર્વિસ રોડ પર લઈ જઈ ત્યાં ઉભુ રાખતા મોટી ઘટનામા જાનહાની ટળી હતી.

## અમિતાભ બચ્ચન રાજશ્રી પ્રોડક્શ્નની ફિલ્મમાં દેખાશે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫

અમિતાભ બચ્ચન કારકિર્દીમાં પ્રથમ વખત સૂરજ બડજાત્યા સાથે ફિલ્મ કરવાના છે. પરિણામે બિગ બી અને બડજાત્યા બન્ને સાથે કામ કરવા ઉત્સાહિત છે. આ ફિલમ્માં અમિતાભ બચ્ચન સાથે બીજા પણ દમદાર કલાકાર સાથે કામ કરશે. બડજાત્યાની આ ફિલ્મનું નામ ઊંચાઈ છે. જેમાં અમિતાભની સાથે બોમન ઈરાની, અનુપમ ખેર પણ જોવા મળવાના છે. આ ઉપરાંત અન્ય એક કલાકાર પણ જોડાશે. સૂરજ સાથે જોડાયેલા સૂત્રે જણાવ્યું હતુ કે, આ ફિલ્મની વાર્તા મિત્રતા પર આધારિત છે.

# નેવીના કર્મચારીના મૃત્યુ પ્રકરણે પોલિસ તરફથી મોટો ખુલાસો : અપહરણ થયું ન હતું દેવાના બોજે આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુબઈ તા. ૨૫

નેવીના જવાન સૂરજકુમાર દુબેને ચેન્નાઈથી અપહરણ કર્યા બાદ જીવંત દહાણુના જંગલમા બાળી નાખ્યો હતો. પાલઘર પોલીસ અધિક્ષક દત્તાત્રેય શિંદેએ આ વાતનો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, નૌકા અધિકારી સૂરજકુમાર દુબેએ લાખો રૂપિયાની લોન લીધી હતી. તેઓ પૈસા પાછા આપી શક્યા નહીં. આ દેવાથી મુક્તિ મેળવવા દુબેએ પોતાને આગ ચાંપી દીધી હોવાની શકયતાએ. તેમાં તે ગંભીર રીતે દાઝી ગયો હતો. શિંદેએ જણાવ્યું હતું કે મુંબઈની હોસ્પિટલમાં સારવાર દરમિયાન નેવીના જવાનનું દુબેનું મોત નીપજ્યું હતું.પોલિસ દ્વારા તપાસ બાદ તેણે કર્જના બોજને લઈને આત્મહત્યા કર્યાનું ખુલાસો કરવામા



અવ્યો છે. શેરબજારમા તેને નુકશાન થતા ૩૦ લાખ રૂપિયાનુ કર્જનો બોજો તેના પર હતો. પોલીસે ચેન્નાઈ અને તલાસરીના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. આ સીસીટીવી ફૂટેજમાં દુબે એકલા ચાલતો નજરે પડે છે. ત્યારબાદ તેમણે તલાસારીના પેટ્રોલ પમ્પ પરથી ૩૦૦ રૂપિયાના ડીઝલ ડ્રમની ખરીદી કરી હતી અને તે ડ્રમમાં પેટ્રોલ ખરીદ્યું હતું, એમ પોલીસ અધિક્ષકએ જણાવ્યું હતું. નેવીનો જવાન સૂરજકુમાર દુબે તલાસરીના વેવજી ખાતેના જંગલમાં બળતા દાઝી ગયો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન દુબેએ આક્ષેપ કર્યો હતો. તેનું લૂંટારૂઓએ ચેન્નાઈથી અપહરણ કર્યું હતું. અને તેની પાસેથી દસ લાખની ખંડણી માંગી હતી. ખંડણી ચૂકવ્યા નહીં હોવાના કારણે અપહરણકારોએ તેમને પાલઘરની જગ્યાએ વિસ્તારમાં લાવ્યા હતા અને જીવતા સળગાવી દીધા હતા. દુબેના અપહરણ અને હત્યાની તપાસ માટે ૧૦૦ પોલીસકર્મીઓની ટીમ બનાવવામાં આવી હતી. આ બનાવ ૫ ફેબ્રુઆરીએ વેવજી ગામ નજીક જંગલમાં બન્યો હતો. તે સમયે જાણ કરવામાં આવી હતી કે પૈસાના વિવાદમાં એક દુબેને જીવતો બાળી નાખવામાં આવ્યો હતો. ચેન્નઈ એરપોર્ટ પરથી સૂરજ કુમાર દુબેને ત્રણ અજાણ્યા શખ્સોએ અપહરણ કરી હતુ. અપહરણકર્તાઓએ ૧૦ લાખ રૂપિયાની માંગ કરી હતી. જોકે, પૈસા આપવાની ના પાડી દેતાં તેને ૫ ફેબ્રુઆરીએ તલાસરી તાલુકાના વેવજી ગામ પાસેના જંગલમાં લાવવામાં આવ્યો હતો અને તેના પર પેટ્રોલ નાખીને જીવતો સળગાવી દેવાયો હતો. પોલિસ તપાસમા મૃતક સૂરજકુમાર દુબે એ લીધેલ કર્જ અને શેરબજારમા કરેલ રોકાણે થયેલ નુકશાને આશરે ૨૯ થી ૩૦ લાખ રૂપિયાનું આર્થિક બોજ હોવાનું જાણવા મળ્યુ છે. જે બાબતે તેણે તેના વડિલ, મિત્રો અને સગા સબંધીઓથી છુપાવીને રાખ્યુ હતુ. જો કે પોલીસ તપાસમાં તેણે આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

# એક કરોડથી ઓછી કિંમતના મકાનોની માંગ : જાન્યુઆરી ૨૦૨૧માં ૧૦હજાર ૧૭૧ કરોડની કિમતના ઘરો વેચાયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

જોકે બાંધકામ ઉદ્યોગ ધીરે ધીરે સુધરી રહ્યો છે, એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે એક કરોડ કરતા ઓછી કિમતના ઘરોની લકઝરી ઘરો કરતાં વધુ માંગ છે. પાછલા વર્ષના મકાનોના વેચાણને ધ્યાનમાં લેતા, ૬૦ ટકા ઘરોની કિંમત એક કરોડ રૂપિયાથી ઓછી છે.

સ્ટેમ્પ્સ અને નોંધણી નિરીક્ષકની કચેરીના જણાવ્યા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ ની વચ્ચે, રૂ. ૫ કરોડ અથવા તેથી વધુના મકાનોનું વેચાણ ફક્ત ૩ ટકા હતું, જ્યારે એક થી પાંચ કરોડની કિમતના ઘરોનું વેચાણ ૩૭ ટકા અને એક કરોડ કે તેથી ઓછા કિંમતના મકાનોમાં ૬૦ ટકાનો હિસ્સો હતો. ગયા વર્ષે નોંધાયેલા એક કરોડ રૂપિયાના મકાનોની સંખ્યા ૪૨,૮૦૦ હતી, જ્યારે એક થી પાંચ કરોડના મકાનોની સંખ્યા ૨૯,૫૦૦ હતી. આ આંકડા દર્શાવે છે કે જ્યારે પાંચ કરોડથી વધારેની કિમતના ફક્ત ૭૫૨ ઘરોની નોંધણી કરવામાં આવી છે, જેમાં મુંબઈમાં રૂ. નાઈટ ફ્રેન્કના એક સર્વેમાં આ માહિતી બહાર આવી છે. જોકે જાન્યુઆરી ૧ થી સ્ટેમ્પ ડ્યુટીમાં એક ટકાનો વધારો કરવામાં આવ્યો છે, પરંતુ મુંબઈમાં નોંધાયેલા ઘર વેચાણની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી. ૧ જાન્યુઆરીથી ૧૦,૦૦૦ થી વધુ મકાનો વેચાયા છે. ૨૦૨૦ ડિસેમ્બરમાં ઘરોની રેકોર્ડ સંખ્યા નોંધાઈ હતી. આ સિવાય સરકારે ડિસેમ્બર સુધી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવીને આગામી ચાર મહિનામાં ઘરોની નોંધણી કરવાની તક પૂરી પાડી હતી. તેથી ડિસેમ્બરમાં રેકોર્ડ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવી હોવા છતાં, જાન્યુઆરીમાં મકાન વેચાણ નોંધણી ધીમી પડી ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ એમ પણ કહ્યું હતું કે સપ્ટેમ્બર-નવેમ્બર ૨૦૨૦ ની તુલનામાં જાન્યુઆરી ૨૦૨૧માં ઘર વેચાણની નોંધણી નોંધપાત્ર હતી. હકીકતમાં, છેલ્લા પાંચ મહિનામાં બીજી સૌથી વધુ નોંધણીઓ એકલા જાન્યુઆરી ૨૦૨૧ માં નોંધાઈ હતી.

છેલ્લા ૨૦૨૦ માં વેચાયેલા મકાનોની કિંમત જોતા, તે એક લાખ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જણાયું છે. ૨૦૧૯માં તે ૯૦ હજાર ૭૬૯ કરોડ રૂપિયા હતો. સૂત્રોએ એવો દાવો પણ કર્યો હતો કે ૧૦,૧૭૧ કરોડ રૂપિયાની કિમતના ઘરો એકલા જાન્યુઆરી ૨૦૨૧ માં વેચાયા હતા.

# દુર્લભ માંડૂલ પ્રજાતિનાં બે કરોડની કિમતના સાપ સહિત આરોપીની અટક

### ઘરમા રાખવાથી ધનદૌલત સુખ મળતુ હોવાનું પ્રલોભન આપી વસુલાતી મોટી રકમ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

નવી મુંબઈના ખારઘર પોલિસ દ્વારા કાળા જાદુ અને દવા બનાવવાના ઉપયોગમા લેવામા આવતા તેમજ ઘરમા રાખવાથી ધનદૌલત સુખ મળતુ હોવાનું પ્રલોભન આપી દુર્લભ માંડૂલ પ્રજાતિનાં બે કરોડની કિમતનો સાપ સહિત આરોપીઓની અટક કરી છે.

ખારઘર પોલિસના પીઆઈ શત્રુઘ્ન માળીને માહિતી મળી હતી કે દ્વારા ૨૩ ફેબ્રુઆરીના રોજ કિશોર ગોવિંદ પાટીલ (૪૦) દુર્લભ માંડૂલ પ્રજાતિનાં કિમતી સાપ વેચવા ધ ક્રાઉન બિલ્ડીંગ પાસે વેચવા માટે આવવાનો છે. તે દુર્લભ માંડૂલ પ્રજાતિનાં કિમતી સાપ ઘરમા



રાખવાથી ધનદૌલત તેમજ સુખસાયબી પ્રાપ્ત થતુ હોવાનું પ્રલોભન આપ્યુ હતુ. પોલિસે આરોપીને પકડવા જાળ બિછાળી હતી.તે ઠેકાણે આવેલ યુવકની બેગમાથી માંડુલ પ્રજાતિના કિમતી સાપ મળી આવ્યો હતો. તેની લંબાઈ ૧૫૨ સેમી. અને વજન આશરે ૫ કિલો ૨૪૦ ગ્રામ હતુ. તે સાપની બજારમા આસરે બે કરોડની કિમત હોવાનું જાણવા મળે છે. પોલિસે તેઓને તાબામા લઈ ખારઘર પોલિસમા આરોપી વિરુધ્ધ ગુનો નોંધાવીને અટક કરી છે.

# એસઆરએ ફ્લેટ મામલે મુંબઈના મેયરને જવાબ આપવા માટે કોર્ટનો આદેશ

ચક્રવાત ટીમ,મુંબઈ તા. ૨૫

હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. જેમાં, એસઆરએ પ્રોજેક્ટમાં છ ફ્લેટ કબજે કરવાના મામલે મુંબઈની મેયર કિશોરી પેડનેકર સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. પેડનેકર સામે આક્ષેપો ભાજપના નેતા કિરીટ સોમૈયાએ કર્યા છે.

આ અંગે ચુકાદો આપતાં અદાલતે કહ્યું કે, કિશોરી પેડનેકરે આરોપનો જવાબ બે અઠવાડિયામાં આપવો પડશે. કિશોરી પેડનેકરે ગોમાતા જનતા એસઆરે પ્રોજેક્ટમાં લાભાર્થી ન હોવા છતાં છ ફ્લેટ મેળવ્યા હતા. ત્યારબાદ તેણે તે ફ્લેટના સરનામાંનો ઉપયોગ કરીને કંપનીઓ સ્થાપી. હોવાનો આક્ષેપ ભાજપના નેતા કિરીટ સોમૈયાએ હાઈકોર્ટમાં કરેલી અરજીમાં કર્યો હતો. હાઈકોર્ટે આ અરજીની ગંભીર નોંધ લીધી હતી અને પેડનેકરને બે અઠવાડિયામાં જવાબ આપવા નિર્દેશ આપ્યો હતો. મેયર કિશોરી પેડનેકરે આ ફ્લેટ ગેરકાયદેસર રીતે મેળવ્યા હતા અને તે સરનામાં પર કંપનીઓ ઉભી કરવામાં આવી છે. તેથી, એસઆઈટી દ્વારા આ ભ્રષ્ટાચારની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. તે જ સમયે, કિરીટ સોમૈયાએ મુંબઈ હાઈકોર્ટમાં અરજી કરી હતી કે તેણે કરેલા ભ્રષ્ટાચાર માટે તેમની વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવામાં આવે.

# કોટનના વાયદાઓમાં ૬૦,૦૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ભાવમાં રૂ.૩૯૦નો ઉછાળો

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૫

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૭૯૫૧ સોદામાં રૂ.૧૬૯૯૦.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૧ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૬૨૯ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓ તથા એનર્જીમાં ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સાર્વત્રિક વૃદ્ધિ વાયદાના ભાવમાં હતી. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૬૦,૦૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૮૬,૬૨૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કોટનના વાયદામાં ગાંસડીદીઠ રૂ.૩૯૦નો ઉછાળો રહ્યો હતો. સીપીઓ, મેન્થા તેલ, કપાસ અને રબરમાં પણ તેજીનો માહોલ હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૮૦૨૫ સોદાઓમાં રૂ.૮૦૧૦.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૪૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૬૫૫ અને નીચામાં રૂ.૪૬૩૨૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૧ ઘટીને રૂ.૪૬૪૧૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૩ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૨૭૫ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૩૬ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૫ ઘટીને બંધમાં રૂ.૪૬૨૮૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૧૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૫૩૭ અને નીચામાં રૂ.૬૯૬૩૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૨૯ વધીને રૂ.૭૦૧૭૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૩૭ વધીને રૂ.૭૦૨૬૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૬૦૦ વધીને રૂ.૭૦૩૨૫ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૪૮૮૮ સોદાઓમાં રૂ.૨૭૪૩.૩૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૫૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૩૫ અને નીચામાં રૂ.૪૫૭૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨ વધીને રૂ.૪૬૦૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૨૯૫ સોદાઓમાં કુલ રૂ.૬૫૧.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૮૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૧૦૦ અને નીચામાં રૂ.૨૧૮૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૯૦ વધીને રૂ.૨૨૦૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૭૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૮.૯ વધીને બંધમાં રૂ.૧૦૭૪.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૫ અને નીચામાં રૂ.૯૪૫.૧ રહી, અંતે રૂ.૯૫૧.૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૬૬ અને નીચામાં રૂ.૧૨૫૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ વધીને રૂ.૧૨૬૧ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૭૭૦ સોદાઓમાં કુલ રૂ.૩૩૦૯.૦૨ કરોડ ની કીમતનાં ૭૧૨૨.૧૦૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૫૨૫૫ સોદાઓમાં કુલ રૂ.૪૭૦૧.૭૬ કરોડ ની કીમતનાં ૬૬૪.૩૪૭ ટન, ક્રૂડ તેલમાં ૧૭૦૨૬ સોદાઓમાં રૂ.૧૧૨૫.૦૨ કરોડનાં ૨૪૪૧૦૦૦ બેરલ્સ, કોટનમાં ૧૩૩૪ સોદાઓમાં રૂ.૧૩૪.૧૧ કરોડનાં ૬૦૦૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૭૬૪ સોદાઓમાં રૂ.૫૧૧.૬૬ કરોડનાં ૪૭૯૩૦ ટન, મેન્થા તેલમાં ૨૦ સોદાઓમાં રૂ.૨.૧૫ કરોડનાં ૨૨.૬૮ ટન, કપાસમાં ૨૩ સોદાઓમાં રૂ.૫૭.૮૬ લાખનાં ૯૨ ટનના વેપાર થયા હતા.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોમાં મતદાન જાગૃતિ માટે ભવાઈ અને શેરી નાટકો યોજાયા




ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૫

મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે 'આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર'' આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનો અને મતદારોમાં મતદાન પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ આવે તે માટે ચુંટણી અધિકારી અને મામલતદાર એચ. એ. મકવાણા દ્વારા તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે કોવિદ-૧૯ ની ગાઈડ લાઈનને અનુસરીને ભવાઈ અને શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

તે અંતર્ગત મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ઉડાંણ અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત માધ્યમોના કલાકારો દ્વારા ગામઠી ભાષામાં મતદાન જાગૃતિ માટે મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ભવાઈ અને શેરી નાટકો ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું.

# સુરેન્દ્રનગરનાં પીપડીમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



ચક્રવાત ટીમ પાટડી, તા.૨૫

દસાડા તાલુકાના પીપળી ગામે સમગ્ર જતવાડ વિસ્તારની ૮ ટીમો વચ્ચે ક્રિકેટ લીગ ટુર્નામેન્ટનું આજે ઉદ્દઘાટન કરવામા આવ્યુ. ઉદ્દઘાટન પ્રસંગે સમગ્ર જતવાડ વિસ્તારનાં વરિષ્ઠ આગેવાનો રવાજીખાન મલેક સહિત માલવણનાં પી. એસ. આઈ જાડેજા સાથે દસાડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ લાલાભાઈ પટેલ દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી અને ગેડીયાના લઘુ મંહત ભગવાનદાસ બાપુ સહિતનાં તમામ લોકોની ઉપસ્થિતિમાં ક્રિકેટ પ્રિમીયર લીગનું આયોજન કરવામાં આવ્યું.

# વાંકાનેર ભાજપમાં ભંગાણ : મોરબી જીલ્લા યુવા ભાજપ ખજાનચી સહિત ૧૦૦ થી વધુ કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૫

મોરબી જિલ્લા યુવા ભાજપ ખજાનચી ભાવેશ પટેલ, લુણસર ગ્રામ પંચાયતના સદસ્ય વિનુભાઇ પટેલ સહીતના ભાજપી આગેવાનો અને કાર્યકરો ચુંટણી સમયે જ ભાજપનો ભગવો ત્યાગી કોંગ્રેસમાં જોડાયા, ભાજપમાં સન્નાટો. હાલ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની તડામાર તૈયારીઓ ચાલી રહી છે જેમાં રાજયની છ મહાનગરપાલિકામાં મતગણતરી બાદ ભાજપનો ભવ્ય વિજય થયો છે.



જેનો જશ્ન મનાવાઈ રહ્યો છે તો આગામી નગરપાલિકા-પંચાયતોની ચૂંટણીનો પ્રચાર-પ્રસાર પણ પુરજોશમાં ચાલી રહ્યો છે. ઉમેદવારો મતદારોને રીઝવવા તથા જીત મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં વાંકાનેર ભાજપમાં મોટું ભંગાણ પડતાં તાલુકાના લુણસર ગામના ૧૦૦ થી વધુ ભાજપી આગેવાનો-કાર્યકરો કોંગ્રેસમાં જોડાતાં મોટો અપસેટ સર્જાયો છે. વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ સહિત લુણસર ગામના ૧૦૦ કરતાં વધુ ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા ભારતીય જનતા પાર્ટીમાં મોટું ગાબડુ પડયું છે. વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ નીતીનભાઈ પટેલ, મોરબી જીલ્લા યુવા ભાજપ ખજાનચી ભાવેશભાઈ પટેલ, લુણસર ગ્રામ પંચાયતના સદસ્ય વિનુભાઈ પટેલ સહિતના લુણસર ગામના ભાજપ આગેવાનો, કાર્યકરો ગઈકાલે ભાજપને રામ રામ કહી કોંગ્રેસમાં જોડાયા હતા અને આગામી જીલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવવા માટે સંકલ્પ લીધા હતા. કોંગ્રેસમાં જોડાયેલા તમામ આગેવાનો, કાર્યકરોને વાંકાનેર કોંગ્રેસના ધારાસભ્ય મહંમદજાવેદ પીરઝાદાએ પક્ષમાં આવકારી અને અભિનંદન પાઠવ્યા હતા.

# વાંકાનેર : દારૂબંધીના ગુન્હામાં નાસતો આરોપી ઝડપાયો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૫

મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કોવડની ટીમે વાંકાનેર સીટી પોલીસ મથકના વિદેશી દારૂના ગુન્હામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જીલ્લા પોલીસ વડા એસ આર ઓડેદરાના માર્ગદર્શન હેઠળ મોરબી એલસીબી પીઆઈ વી. બી. જાડેજાની સુચનથી પીએસઆઈ એન. બી. ડાભી સહિતની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન પેરોલ ફર્લો સ્કોવડના રસિકભાઈ ચાવડા અને વિક્રમસિંહ બોરાણાને મળેલ બાતમીના આધારે પેરોલ ફર્લો સ્કોવડની ટીમે વાંકાનેર સીટી પોલીસ મથકના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો આરોપી આસુભાઈ ચોખાજી વિશ્નોઈ (ઉ.વ. ૪૨, રહે.ખાપરોલ રાજસ્થાન)ને દાતા ગામેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોરબી પેરોલ ફર્લો સ્કોવડની આ કામગીરીમાં પીઆઈ વી. બી. જાડેજા, પીએસઆઈ એન. બી. ડાભી, રસિકભાઈ ચાવડા, વિક્રમસિંહ બોરાણા, સંજયભાઈ પટેલ, રજનીભાઈ કૈલા, કૌશિકભાઈ મારવણીયા, ચંદ્રકાંતભાઈ વામજા, જયવતસિંહ ગોહિલ, સહદેવસિંહ જાડેજા, જયેશભાઈ વાઘેલા, બ્રિજેશભાઈ કાસુન્દ્રા, ભરતભાઈ મિયાત્રા, નીરવભાઈ મકવાણા, દશરથસિંહ પરમાર, અશોકસિંહ ચુડાસમા, સતીશભાઈ કાંજીયા અને હરેશભાઈ સરવૈયા સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# વાંકાનેર : જી.આર.ડી. જવાનને મળેલો મોબાઈલ મુળ માલિકને પરત કર્યો



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૫

વાંકાનેર તાલુકા પોલીસ મથકે ગ્રામ રક્ષક દળમાં જવાન તરીકે ફરજ બજાવતા તાલુકાના ખેરવા ગામના વતની મયુરસિંહ રઘુવીરસિંહ ઝાલાને રાજકોટ જીલ્લાના સુર્યરામપરા ગામ પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો. જેથી તેમણે પ્રમાણિકતા દાખવી આ મોબાઈલ વાંકાનેરની ભાટીયા સોસાયટીમાં રહેતા લાલભાઈ દિપકભાઈ દવેનો હોવાનું જાણવા મળતાં તેમને ફોન કરી જાણ કરી અને તેના મુળ માલિક સુધી વાંકાનેર જી.આર.ડી. ઓફીસ ખાતેથી પરત આપેલ.

# મિરા-ભાયંદર પાલિકા દ્વારા પ્રોપર્ટી ટેક્ષમા 'અભયયોજના' હેઠળ વ્યાજમા ૭૫ ટકા રાહત

## યોજના ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ થી ૧૫ માર્ચ ૨૦૨૧ સુધી લાગુ રહેશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૫

કોવિડ-૧૯ની મહામારીએ લોકડાઉન દરમિયાન શહેરના દરેક ઉધ્યોગધંધા/રોજગાર/વ્યવસાયો બંધ રહેતા સામાન્ય નાગરિકોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો છે. જેને લઈને મિરા-ભાયંદર પાલિકાએ પ્રોપર્ટી ટેક્ષ ન ભરેલ નાગરિકોને 'અભય યોજના' હેઠળ વ્યાજમા ૭૫ ટકા રાહત આપવાનું નક્કી કર્યુ છે. કોરોનાની મહામારીને લઈને નાગરિકોની આવકમા ઘટાડો થતા મોટાભાગના ટેક્સધારકોએ પ્રોપર્ટી ટેક્ષના પૈસા પાલિકામા જમા કરાવ્યા નથી. તેમજ વર્ષ ૨૦૨૦-૨૧નું વર્ષ પૂરુ થવા હવે એક જ મહિનો બાકી રહેતા પાલિકાએ ટેક્સની વસૂલી કરવા અનેક પગલા જાહેર કર્યા છે.જેમા 'અભય યોજના ૨૦૨૧' હેઠળ પ્રોપર્ટી ટેક્ષ ધારકોને જેઓએ બિલ નથી ભરેલ તેઓના બિલમા લગાડેલ વ્યાજની રકમમા ૭૫ ટકા રાહત આપવાનૂમ નક્કી કરેલ છે.આ યોજના ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ થી ૧૫ માર્ચ ૨૦૨૧ સુધી લાગુ રહેશે. નાગરિકોએ પ્રોપર્ટી ટેક્સ તેમજ ફક્ત ૨૫ ટકા વ્યાજ જ યોજના હેઠળ જાહેર કરેલ સમય મર્યાદામા ભરવુ પડશે. જે ટેક્સધારકો પૈસા નહિ ભરે તેઓને અ યોજનાનો લાભ ત્યાર બાદ નહિ મળે. તેમજ તેઓની પ્રોપર્ટી જપ્ત કરવાની કારવાહી કરી લિલામની પ્રક્રિયા પાલિકા તરફથી કરવામા આવશેનું જણાવ્યુ છે. પૈસા ભરવા માટે ઓનલાઈન તેમજ રવિવારે તેમજ રજાના દિવસે પણ સ્વીકારવામા આવશે.

# લિંબડીમાં ચકલી ઘરનુ વિતરણ કરાયું



ચક્રવાત ટીમ લીંબડી, તા.૨૫

આજ રોજ લીંબડી એસ ટી ડેપોમાં જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ સુરેન્દ્રનગર અને લીંબડી એસટી ડેપોના લલિત સોલંકી તેમજ મદન સિંહ જાડેજા દ્વારા ચકલી ઘરનું વિતરણ કર્મચારીઓ તેમજ મુસાફર જનતા ને કરવામાં આવ્યું જેના દ્વારા હાલના ગરમી તેમજ તડકાની અંદર ચકલી તેમાં રહી શકે તેમજ ચકલીનું અસ્તિત્વ ટકી રહે તેઓ તેમના થકી પ્રયત્ન કરવામાં આવ્યો આ પ્રસંગે લીંબડી એસ ટી ડેપો મેનેજર પરમાર સાહેબ તેમજ હેડ મિકેનિક શ્રી મેઘરાજ સિંહ એ હાજરી આપેલ.

# કોડીનારમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષનું ખેડૂત સંગઠન દ્વારા કાળા વાવટા ફરકાવી સ્વાગત

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૫

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા ના ખેડૂતો ની જીવાદોરી સમાન સુગર ફેક્ટરી મુદ્દે કોડીનાર મા ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ ચૂંટણી પ્રચાર માટે આવવાના હોય,ત્યારે કોડીનાર તાલુકા ખેડૂતો તેમજ કર્મચારીઓ એ કાળા વાવટા ફરકાવા જતા રસ્તા માં પોલીસ સ્ટાફ દ્વારા અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા. ખેડૂત આગેવાનો સુરપાલસિહ બારડ,અજીતસિંહ ડોડીયા,શનિ બારડ,રણજીતસિંહ પરમાર,જગુભાઈ મોરી, દિપકભાઈ વાળા,વજુભાઈ ડોડીયા,હિરેનભાઈ વાળા,મિતેષ ડોડીયા ની અટક કરી હતી તે મુજબ સુરપાલસિંહ બારડ દ્વારા પ્રેસ પ્રતિનિધિ ને જાણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે કોડીનાર ખેડૂત સંગઠનો સ્યુગર ફેકટરીના મુદ્દે કોઈ પણ સંજોગોમાં લડી લેવાના મૂડમાં હોય કેટલાક સમય પહેલાં ઉપવાસ આંદોલન, રેલી તેમજ વારંવાર ધરણા અને પ્રદર્શન કરતા જ હોય છે ત્યારે આજે જયારે ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પ્રચાર માટે જયારે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ જયારે કોડીનાર તાલુકાની મુલાકાતે આવવાના હોય ખેડૂત સંગઠનો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી. જેની તમામ મહત્વના મીડિયા દ્વારા નોંધ લેવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી કોડીનાર દ્વારા જયારે પ્રદેશ અધ્યક્ષ નું સ્વાગત કરવા શહેરમાં ઠેર ઠેર બેનરો તેમજ સ્વાગત કરવા ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હોય ત્યારે કોડીનાર ના ખેડૂત સંગઠનો પણ કાળા વાવટા સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતાં જેની કોડીનાર પોલીસ દ્વારા તત્કાળ પગલાઓ લઈ તેમની અટક કરી લેવામાં આવી હતી. વિરોધ અને આક્રોશ સાથે ખેડૂત સંગઠનના પ્રતિનિધઓની તસ્વીરો તેમજ ભારતમાં ચાલી રહેલું ખેડૂત આંદોલન અને કોડીનાર માં ચાલી રહેલુ સ્યુગર ફેકટરી ખેડૂત આંદોલનની આગ ખરેખર સ્થાનિક સ્વરાજય ની ચૂંટણી પર અસર ઉપજાવી હતી તેમ લાગે છે. કોડીનાર કિશાન સંગઠન ના પ્રમુખ અજીતસિંહ દ્વારા પણ પ્રેસ માટે એક વિડિયો વાઈરલ કરવામાં આવ્યો હતો જેમાં તેમણે આ બાબતે ચેતવણી ઉચ્ચારી હતી.

# લિંબડીમાં આમ આદમી પાર્ટીને મતદારો દ્વારા મીઠો આવકાર



ચક્રવાત ટીમ લીંબડી, તા.૨૫

સુરેન્દ્રનગર જિલ્લા આમ આદમી પાર્ટીના આગેવાનો જેવા કે પરસોત્તમભાઈ મકવાણા, ડી.ડી. ઝાલા, હરેશ જાદવ પ્રવીણ પટેલ હરિભાઈ જાદવ વગેરે હોદ્દેદારો તથા કાર્યકરોએ લીમડી શહેર વોર્ડ નંબર ૩ વોર્ડ નંબર ૬ તેમજ જિલ્લા પંચાયત શિયાણી સીટ પર પ્રચારનો ધમધમાટ ચૂંટણીના મુખ્ય મુદ્દાઓ ગુજરાતમાં ફ્રી શિક્ષણ આરોગ્ય વિવિધ સરકારી સેવાઓ બેરોજગારી અને સરકાર નિષ્ફળતાની વાત લોકો સમક્ષ રાખી લોકો દ્વારા ખૂબ જ સારો આવકાર મળ્યો અને આવનારા સમયમાં કામ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાના કાર્યો દ્વારા લોકોએ વધાવી લીધી.

# ઝઘડિયા એસ.ટી.ડેપોના બેદરકારીભર્યા વહીવટથી મુસાફરો પરેશાન

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૫

ઝઘડિયા એસ.ટી.ડેપોના વહીવટકર્તાઓ દ્વારા મનસ્વી રીતે આડેધડ ખાસ કરીને ગામડાના તથા લાંબા અંતરના રૂટ રદ કરી દેવાઈ છે.

એસટી ડેપોમાં ટિકિટ માટેના મશીનો બંધ હોય, એસટી બ્રેકડાઉન થઈ હોય અથવા ડ્રાઈવર-કન્ડકટર અચાનક રજા પર ઉતર્યા હોય તો કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઝઘડિયા એસટી ડેપો સંચાલકો દ્વારા કરવામાં આવતી નથી અને તુરંત જ જે તે રૂટ અને ખાસ કરીને ગામડાના રૂટ રદ કરી દેવામાં આવે છે, જેથી તાલુકા મથકથી ગામડે જનારા તથા ગામડેથી તાલુકા મથકે આવનારા લોકોને ભારે હાડમારીનો સામનો કરવો પડે છે. મનસ્વી રીતે એસટી ડેપો ચલાવનાર વહીવટકર્તાઓ સામે એસટી ડેપોના કર્મચારીઓ માં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે. કેટલાક દિવસ પહેલા પેસેન્જર ટિકિટ મશીનો બંધ હોય અડાજણ જેવા સારી આવક વાળા રૂટો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા, તદુપરાંત આજરોજ ઝઘડીયાથી અંબાજી સવારે ૭ વાગ્યે જતી એસ.ટી.બસ બ્રેકડાઉન થઈ હોય છ કલાક બાદ બપોરે ૧:૩૦ વાગ્ય બસ ઉપાડી હતી જેથી અંબાજી રૂટ ના પેસેન્જરો પરેશાન થયા હતા.

# ડીઝીટલ અને સોશ્યલ મીડિયા સંદર્ભે કેન્દ્ર દ્વારા નવા નિયમો જાહેર કરાયા

ચક્રવાત ટીમ, તા.૨૫

કેન્દ્રની મોદી સરકારે આજે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ જાહેર કરેલા નવા નિયમો પ્રમાણે ડીઝીટલ અને સોશિયલ મિડીયામાં સરકાર વિરુદ્ધ કંઈ પણ પ્રસિદ્ધ કરશો અને કોઈ પણ ફરિયાદ કરશે તો પગલાં લઈ જેલમાં ધકેલીને સાઈટ બંધ કરી દેવાશે. આ નિયમોથી તો આપણું વોટસએપ ગૃપ બંધ કરવું પડશે.

સોશિયલ મીડિયા માટે નવા નિયમ બનાવ્યા

- સોશિયલ મીડિયા કંપનીઓએ યુઝર્સની ફરિયાદો માટે એક અધિકારી રાખવો પડશે અને તેમનું નામ પણ જણાવવું પડશે.
- આ ઓફિસરે ૧૫ દિવસની અંદર ફરિયાદનો ઉકેલ લાવવો પડશે. ન્યૂઝના મુદ્દે જો ફરિયાદ હશે તો ૨૪ કલાકની અંદર તેમણે કન્ટેન્ટ હટાવવી પડશે.
- આ કંપનીઓએ દર મહિને એક રિપોર્ટ આપવો પડશે કે કેટલી ફરિયાદો આવી અને તેમના પર શું કાર્યવાહી કરવામાં આવી. ફરિયાદ પર ૨૪ કલાકની અંદર જ પગલાં લેવાં પડશે અને ૧૫ દિવસની અંદર ઉકેલ લાવવો પડશે.
-કોઈપણ અફવા અથવા ખોટી કન્ટેન્ટને પોસ્ટ કરે છે તો તમારે જણાવવું પડશે કે પહેલીવાર આ પોસ્ટ અથવા કન્ટેન્ટ કોણે આપી છે.
- જો તમે કોઈ સોશિયલ મીડિયા યુઝર્સની કન્ટેન્ટને હટાવવી છે તો તમારે એનું કારણ પણ જણાવવું પડશે.

# લુણાવાડા તાલુકા મધવાસ ખાતે ભાજપની જાહેરસભા યોજાઈ

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૫

રાજયની છ મહાનગરપાલિકાના પરિણામ બાદ ભારતીય જનતા પાટી દ્વારા મહીસાગર જિલ્લામાં પણ સ્થાનિક રવરાજયની ચૂંટણીમા પણ ભાજનનો ભવ્ય વિજય આપવવા માટે કેન્દ્ર મંત્રી પરસોત્તમ રૂપાલા મધવાસ ખાતે જાહેર સભાને સંબોતી હતી.

હાલ ચાલી રહેલી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલા મહિસાગર જિલ્લાના મધવાસ ગામે તેમની પત્ની સાથે જાહેર સભામંડપમા આવી પોહચ્ય હતાં જ્યાં હાજર ધારાસભ્યના જીજ્ઞેશભાઈ સેવક તેમજ જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆ તેમજ મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીય તેમજ જિલ્લા ભાજપના કાર્યકરો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જાહેર સભામાં હજાર ઉમેદવારો તેમજ મતદારોને સભામાં સંબોધન કરતા નગર પાલીકા ચુંટણીમાં કોંગ્રેસના સૂપડા સાફ કરી ભવ્ય જીત હાંસલ કરી છે ત્યારે મહીસાગર જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત ની ચૂંટણીમાં જે કોંગ્રેસ જિલ્લામાં થોડી ગણી રહી છે તેને આં વખતે ૨૮ તારિખની ચુંટણીમાં તમામ મતદારોએ ભાજપ તરફી મતદાન કરી કોંગ્રેસને જે સી બી મારી જળ મૂળમાંથી હટાવી ભાજપને ભવ્ય જીત અપવવા મતદારોને આહવાન કર્યું હતુ.

# ગીરગઢડા : થોરડી-ભાખા નજીક માર્ગ પર નિલગાય આડી ઉતરતા કાર પલ્ટી જતા ત્રણને ઈજા

## ઉનાથી તાલાળા તરફ જતી વખતે અકસ્માત નડ્યો ૧ યુવાનને ગંભીર ઇજા



ચક્રવાત ટીમ ઉના, તા. ૨૫

ગીરગઢડાના ગીર થોરડી-ભાખા ગામ વચ્ચે કાર અકસ્માત થતા કાર પલ્ટી ખાધેલ જેમાં કારમાં સવાર ત્રણ વ્યક્તિને સામાન્ય ઈજા થયેલ જ્યારે એક યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર હોસ્પીટલ ખસેડાયેલ છે. ઉના રહેતા સાગર ગીરીશભાઈ વાજા, કરશનભાઈ પ્રવિણભાઈ તેમજ કાજલબેન રવિભાઈ જેઠવા તેવો ઉનાથી તાલાળા તરફ કાર નં.જીજે ૧૫ સીએફ ૮૧૩૨ માં જતા હતા ત્યારે ગીર થોરડી-ભાખા ગામ વચ્ચે રસ્તા પર નિલગાય આડી ઉતરતા તેને બચાવવા જતાં અચાનક કાર પલ્ટી ખાઈ ગયેલ હતી. જેમાં સાગરભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોચી હતી. જ્યારે બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થતા ઈમરજન્સી ૧૦૮ને જાણ કરતા તાત્કાલીક ઘટના સ્થળે પહોચતા આ તમામ ઈજાગ્રસ્તને ઉના ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડાયેલ છે. જોકે રસ્તા પર અચાનક જંગલી નિલગાય આડી ઉતરતા અકસ્માત સર્જાયેલ હોવાનું જાણવા મળેલ હતું.

# તાલાલા : યુવા કોંગ્રેસના આગેવાનો ચૂંટણી પહેલા ભાજપમા જોડાયા



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૫

ગીર સોમનાથ જીલ્લાના તાલાલા યુથ કોંગ્રેસ શહેર પ્રમુખ મંદિપસિંહ જાડેજા પોતાના સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કર્યો જેમાં પોપટભા દરબાર, હર્ષદ સોમાની, કમલેશ લાલુ વગેરેએ ભાજપનો ખેસ પેહર્યો. ત્યારે તાલાલા નગરપાલીકાનુ સોપાન જેને સોપવામા આવ્યુ છે તેવા પૂર્વ નગરપાલીકા પ્રમુખ અમિતભાઈ ઉનડકટ, ભુપતભાઈ હિરપરા, તેમજ દિલાભાઈ બોરીચા અને ટીમ દ્વારા ભાજપનો ખેસ પહેરાવી વિધિવત ભાજપમાં પ્રવેશ કર્યો હતો.

# ઝઘડિયા : પણેથામા મકાનમા આગ લાગતા ફાયર ફાયટરની ટીમો આગ પર કાબુ મેળવ્યો



ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૨૫

ઝઘડિયા તલકાના પણેથા ગામે આજે વહેલી સવારે હરેશ ભાઈ દેસાઈના મકાનમા અચાનક સોર્ટ સર્કિટના કારણે આગ આગ ભભુકી ઉઠી હતી,જોત જોતામા આગે વિકરાણ સ્વરૂપ ધારણ કરતા ઘરના ઉપરના ભાગે મુકેલ પશુઓ માટેનો ઘાસ ચારો તેમજ ઘરવખરીનો સમાન સમ્પૂર્ણ બળીને ખાખ થઈ ગયો હતો. બનાવની જાણ થતાં ઉમલ્લા પાસે આવેલ રાજેશ્રી પોલિફિલ કંપની તેમજ ઝઘડિયા જી.આઈ. ડી.સી.ના ફાયરફાઈટરની ટીમો ઘટના સ્થળે દોડી આવી ત્રણ કલાક ની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ઉમલ્લા થી પણેથા સુધિનો રોડ અત્યંત બિસ્માર હોવાના કારણે ફાયર ફાઈટર મોડા પોહચ્યા હતા જેથી ઘર માલિકને મોટું નુકસાન વેઠવાના વારો આવ્યો હતો. સદનસીબ આ બનાવમાં કોઈ જાન હાનિ થઈ ના હતી.

શુક્રવાર
૨૬-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૧૩
અંક : ૧૨૧
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

## વેપારીઓ દેશભરમાં ૧૫૦૦ જગ્યાએ ધરણાં-વિરોધ પ્રદર્શન કરશે

# GSTના વિરોધમાં આજે વેપારીઓનું ભારત બંધનું એલાન

### સીએઆઈટીના ભારત બંધમાં ૮ કરોડ વેપારીઓ જોડાશે, બજારો બંધ રાખી કરશે ચક્કાજામ, સવારે ૬ થી સાંજના ૮ વાગ્યાની વચ્ચે ટ્રાન્સપોર્ટ પ્રતિબંધિત: જીએસટીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે ટેક્સ સ્લેબની માંગ કરાઈ

(જી.એન.એસ.)
ન્યુ દિલ્હી,તા.૨૫

૨૬ જાન્યુઆરીએ જીએસટીના વિરોધમાં સમગ્ર ભારતમાં બજારો બંધ રહેશે. વેપારી સંગઠન સીએઆઈટીએ ગુરુવારે જણાવ્યુ કે વસ્તુ તેમજ સેવા કર(જીએસટી) વ્યવસ્થાની જોગવાઈની સમીક્ષાની માંગ હેઠળ દેશભરના બધા વાણિજ્યિક બજાર ૨૬ ફેબ્રુઆરીએ બંધ રહેશે. કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સએ કહ્યુ કે કેન્દ્ર(રાજ્ય) અને જીએસટી પરિષદે જીએસટીની વિધિવત જોગવાઈને યથાવત રાખવાની માંગ કરીને ૧૫૦૦ જગ્યાઓએ દેશભરમાં ધરણા(વિરોધ પ્રદર્શન) કરવામાં આવશે. સીએઆઈટીએ જીએસટી પ્રણાસીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે તેના ટેક્સ સ્લેબની પણ માંગ કરી.





એક પ્રેસ કૉન્ફરન્સને સંબોધિત કરીને સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યુ કે આ મુદ્દે સરકાર સાથે પણ વાત કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે અખિલ ભારતીય ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પણ સીએઆઈટીના ભારત બંધનુ સમર્થન કરશે અને ૨૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ આયોજિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે દેશભરમાં બધા વાણિજ્યિક બજારો બંધ રહેશે અને બધા રાજ્યોના વિવિધ શહેરોમાં ધરણા પ્રદર્શન આયોજિત કરવામાં આવશે.

ખંડેલવાલે વધુમાં ઉમેર્યુ કે સીએઆઈટી સાથે સાથે દેશભરમાં ૪૦,૦૦૦થી વધુ વેપારીઓના સંગઠન બંધનુ સમર્થન કરશે. તેમણે જોયુ કે સ્વૈચ્છિક અનુપાલ એક સફળ જીએસટી શાસનની કુંજી છે કારણકે વધુ લોકોને અપ્રત્યક્ષ કર પ્રણાલીમાં શામેલ થવા, કર આધાર વધારવા અને મહેસૂલ વધારવા માટે પ્રોત્સાહિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે છેલ્લા ચાર વર્ષોમાં જીએસટી નિયમોમાં અત્યાર સુધી લગભગ ૯૫૦ સુધારા કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે જીએસટી પોર્ટલમાં સતત ટેકનિકલ ગરબડ અને અનુપાલન દબાણ આ સિસ્ટની ખામીઓમાં શામેલ છે.

દેશના ટ્રાન્સપોર્ટ સેક્ટર ઉપરાંત મોટી સંખ્યામાં અનેક રાષ્ટ્રીય વ્યાપારીક સંગઠનોએ પણ વ્યાપાર બંધનું સમર્થન કર્યુ છે. જેનાથી ખાસ રીતે ઓલ ઈન્ડિયા એફએમસીજી ડિસ્ટ્રિબ્યૂટર્જ ફેડરેશન, ફેડરેશન ઓફ અલૂમિનિયીયમ યૂટેન્સિલસ મેન્યૂફૈક્ચરરસ એન્ડ ટ્રેડર્સ અસોસિએશન, નોર્થ ઈન્ડિયા સ્પાઈસિસ ટ્રેડર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા વુમન એન્ટરપ્રિનિયર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોમ્પ્યુટર ડીલર અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોસ્મેટિક મેન્યુફક્ચર્સ અસોશિયેશન વગેરે સામેલ છે.

# ત્રીજા ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૧૦ વિકેટે વિજય

### અમદાવાદ ખાતે ડે એન્ડ નાઈટ મેચમાં બીજા દિવસે અશ્વિને ૪૦૦ વિકેટ પુરી કરી, અક્ષરની મેચમાં ૧૧ વિકેટ: ૪ મેચની શ્રેણીમાં ૧ વિરૂધ્ધ ૨ સાથે ભારતે સ્થાપેલુ પ્રભુત્વ

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૫

"પ્રવાસી ઈંગ્લેન્ડ અને ભારતીય ક્રિકેટ ટીમ વચ્ચે શ્રેણીની ત્રીજી ટેસ્ટ ગઈકાલથી અમદાવાદનાં નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ ખાતે શરૂ થયેલ આ ટેસ્ટની વિશેષતા એ હતી કે ડે એન્ડ નાઈટ ટેસ્ટ પિન્ક બોલથી રમાયેલ હતો અગાઉ રમાયેલ બે મેચમાં એક ઈંગ્લેન્ડે તથા બીજી ભારતે જીતેલ હતી આજે ત્રીજી ટેસ્ટમાં ભારતે ૧૦ વિકેટે વિજય મેળવી શ્રેણીમાં પોતાની સરસાઈ સ્થાપિત કરેલ છે."અમદાવાદ ખાતે રમાયેલ ડે એન્ડ નાઈટ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ દાવમાં ૧૧૨ રને અક્ષર પટેલની કાતિલ સ્પિન બોલીંગ સામે ઝુકી પડેલ ત્યાર બાદ ભારતની ટીમે ૧૪૫ રન નોંધાવતા ૩૩ રનની સરસાઈ મેળવવામાં સફળ થયેલ."બીજા દાવમાં ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૩૦.૪ ઓવરમાં ૮૧ રને ઓલઆઉટ થઈ જતાં ટેસ્ટ મેચ જીતવા ભારતને ૪૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જે ભારતની પ્રારંભીક જોડી રોહિત શર્મા અને સુભમન ગીલે ૭.૪ ઓવરની રમતના અંતે વિજય લક્ષ્યાંક સિધ્ધ કરી લેતા ભારતનો ૧૦ વિકેટે વિજય થયેલ છે."અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલ ભારત અને ઈંગ્લેન્ડની ક્રિકેટ મેચમાં ભારતીય સ્પિન બોલર અક્ષર પટેલે મેચનાં બન્ને દાવ દરમ્યાન ઈંગ્લેન્ડના ૧૧ ખેલાડીઓને તંબૂ તરફ રવાના કર્યા હતા. ઈંગ્લેન્ડનાં બીજા દાવમાં અક્ષર પટેલે ૩૨ રન આપી ઈંગ્લેન્ડની પાંચ વિકેટ તથા આર. અશ્વિને ૪૮ રન આપી ૪ વિકેટ ઝડપી ઈંગ્લેન્ડન બેટધરોને ક્રિઝ પર સેટ થવાનો સમય જ આપ્યો ન હતો. આર અશ્વિને તેની કારકીર્દીની ૪૦૦ વિકેટ પુરી કેલ છે."આજે બીજા દાવમાં ભારતીય ટીમે રોહીત શર્માની અર્ધી સદીનાં સહારે ૧૪૫ રન નોંધાવી આઉટ થઈ જતાં, ઈંગ્લેન્ડ સામે ભારતને સરસાઈ પ્રાપ્ત થયેલ. ત્યાર બાદ ઈંગ્લેન્ડનો બીજો દાવ શરૂ થતાં ઈંગ્લેન્ડના ચાર બેટસમેન ખાતું ખોલાવી શકયા ન હતા. ઈંગ્લેન્ડની સમગ્ર ટીમ ૩૦.૪ ઓવરનાં અંતે ૮૧ રનમાં ઓલ આઉટ થતા ભારતને ટેસ્ટ જીતવા ૪૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો."બીજા દાવમાં રોહિત શર્માએ ૨૫ દડામાં ૨૫ તથા સુભમન ગીલે ૨૧ દડામાં ૧૫ રન ફટકારેલ. બન્ને ખેલાડીએ અણનમ રહી ૪૯ રનનો લક્ષ્યાંક સિધ્ધ કરાવી આપતા ભારતનો ટેસ્ટ શ્રેણીમાં બીજો વિજય થતાં ટેસ્ટ શ્રેણીમાં પણ ૧ વિરુધ્ધ ૨, ની સરસાઈ સામે ભારતે શ્રેણીમાં પ્રભુત્વ સ્થાપેલ છે.

# સોશિયલ મિડિયા અને ઓટીટી પ્લેટફોર્મ મુદ્દે સરકારે ગાઈડલાઈન જાહેર કરી

### ફરિયાદ મળવાના ૨૪ કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવું પડશે

(જી.એન.એસ)
ન્યુ દિલ્હી,તા.૨૫

**સોશિયલ મીડિયા કંપનીઓએ યૂઝર્સ વેરિફિકેશનની સિસ્ટમ બનાવી પડશે, યૂઝરને મળશે વધારે તાકાત અને કંપનીઓએ યોગ્યે મેકેનિઝમ રાખવું પડશે**

સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ મુદ્દે કેન્દ્ર સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, સરકારે સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે નિયમો બનાવી નાંખ્યા છે. કેન્દ્ર સરકાર હવે સોશ્યલ મીડિયા અને OTT કંપનીઓ સામે કડક થઈ ગઈ છે. સોશ્યલ મીડિયામાં નિયમોમાં બદલાવ અને નવી ગાઈડલાઈનની જાહેરાત આજે કરવામાં આવી છે. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ અને પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદ કરી હતી.

રવિશંકર પ્રસાદે કહ્યું કે સોશ્યલ મીડિયામાં ખોટી ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પણ હવે સરકાર સોશ્યલ મીડિયા પર આપત્તિજનક સામગ્રીને મંજૂરી નહીં આપે. તેમણે કહ્યું કે અમે જોયું છે કે લોકો હવે હિંસા ફેલાવવા માટે સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે કહ્યું કે ભારતમાં વેપાર કરવા માટે સોશ્યલ મીડિયાનું સ્વાગત છે, અને સરકાર પોતાની ટીકા માટે પણ તૈયાર છે. પરંતુ સોશ્યલ મીડિયાના ખોટા ઉપયોગને મંજૂરી મળવી જોઈએ નહીં. સોશ્યલ મીડિયા માટે જે ગાઈડલાઈન બની છે તે ત્રણ મહિનામાં લાગુ કરી દેવાની રહેશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટ દ્વારા જ ઓનલાઈન પ્લેટફોર્મ અને તેના પર નાંખવામાં આવતા કન્ટેન્ટ માટે ગાઈડલાઈન જાહેર કરવા કહેવામાં આવ્યું હતું.

રવિશંકર પ્રસાદે એલાન કર્યું કે હવેથી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મએ અધિકારીઓનને તૈનાત કરવા પડશે અને કોઈ પણ આપત્તિજનક પોસ્ટ ૨૪ કલાકમાં હટાવી દેવી પડશે. ભારતમાં પોતાના નોડલ ઓફિસર અને રેસિડેન્ટ ગ્રીવાન્સ ઓફિસરની નિમણૂક કરવી પડશે અને એક મહિનામાં કેટલી ફરિયાદો પર એકશન લેવામાં આવ્યું તેની જાણકારી પણ આપવાની રહેશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અફવા ફેલાવનાર વ્યક્તિ કોણ છે તેની જાણકારી આપવી પડશે.

ડિજિટલ માધ્યમ માટે સરકારે ગાઈડલાઈન જાહેર કરતાં કહ્યું કે ડિજિટલ મીડિયા અને OTT પ્લેટફોર્મે જાણકારી આપવાની રહેશે કે તે શું કામ કરે છે અને કયા પ્રકારનું કન્ટેન્ટ તૈયાર કરે છે. તે બાદ બધાએ એક સેલ્ફ રેગ્યુલેશન લાગુ કરવાના રહેશે અને તે માટે એક બોડી બનાવવામાં આવશે જે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અથવા અન્ય કોઈ વ્યક્તિ હેડ કરશે. ઈલેક્ટ્રોનિક મીડિયાની જેમ જ ડિજિટલ મીડિયાએ પણ ભૂલ થવા પર માફી પ્રસારિત કરવાની રહેશે.

## સોશિયલ મીડિયા માટે નવા નિયમ

૧. નવી ગાઈડલાઈન્સ મુજબ સોશિયલ મીડિયાએ એક ફરિયાદ સેલ બનાવવો પડશે.
૨. કોઈ પણ કન્ટેન્ટ હટાવતા પહેલા કારણ બતાવવું હશે
૩. ફરિયાદ કરવા પર આપત્તિજનક પોસ્ટને ૨૪ કલાકમાં હટાવવી પડશે.
૪. દર મહિને ફરિયાદ પર કાર્યવાહીની જાણકારી આપવી પડશે.
૫. સોશિયલ મીડિયાના આ નિયમો ત્રણ મહિનામાં અંદર લાગુ થશે.
૬. ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિયુક્તિ કરવાની રહેશે. જે નિયમોના કમ્પ્લાયન્સને લઈને જવાબદાર રહેશે.
૭. એક નોડલ કોન્ટેક્સ પર્સનની પણ નિયુક્તિ કરવાની રહેશે, જે ૨૪૭૭ લો ઈનફોર્સમેન્ટ એજન્સીઓ સાથે તાલમેલ બેસાડી રાખશે.
૮. નિયુક્ત કરાયેલા બંને અધિકારી ભારતમાં રહેતા હોવા જોઈએ.
૯. રેસિડેન્ટ ગ્રીફાન્સ અધિકારીની પણ નિયુક્તિ કરવાની રહેશે.
૧૦. સૌથી પહેલા પોસ્ટ નાખનારાની જાણકારી આપવી પડશે.

## OTT માટે નવી ગાઈડલાઈન્સ

૧. કન્ટેન્ટના હિસાબે કેટેગરી નક્કી થશે.
૨. OTT કન્ટેન્ટની પાંચ કેટેગરી બનાવવામાં આવશે.
૩. U, U/A 7+, U/A 13+, U/A 16+, અને A કેટેગરી હશે.
૪. ડિજિટલ પ્લેટફોર્મ પર પેરેન્ટલ લોકની સુવિધા આપવી પડશે.
૫. એથિક્સ કોડ ટીવી, સિનેમા જેવા જ રહેશે.
૬. પ્લેટફોર્મ્સે સેલ્ફ રેગ્યુલેશન બોડી બનાવવી પડશે.
૭ ફેક કન્ટેન્ટ નાખવા બદલ કડક કાર્યવાહી કરાશે.




THE SECOND WIFE
PARTY LAWNS & MULTI CUISINE RESTAURANT
AT NEW 150 FT. RING ROAD, NEAR MUNJKA CHOWKDI, OPP. DELIGHT PARTY PLOT, OFF KALAWAD ROAD RAJKOT | MO: +91 909 909 8868

# મુકેશ અંબાણીના બંગલા બહાર સ્કોર્પિયોમાં જિલેટીન મળી આવી : જાનથી મારી નાખવાની ધમકીભર્યા પત્ર મળ્યો

### સીઆઈએસએફ બોમ્બ સ્કોવડ એટીએસ ડોગ સ્કોવડ પોલીસ દોડતી થઈ: અંબાણી અને સ્કોપીઓની નંબર પ્લેટ સરખી

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૪

દેશના અગ્રણી ઉધોગપતિ મુકેશ અંબાણીના બંગલા એન્ટિલિયા બહાર આજે એક પાર્ક કરાયેલી સ્કોર્પિયો મળી આવી હતી. આ ઘટનાની પોલીસને જાણ કરાતા બોમ્બ સ્કોવડ અને એસીપી વિશ્વાસ નાગ્રે પાટિલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તપાસ દરમિયાન સ્કોર્પિયોમાં ૨૫ જિલેટીન સ્ટીક મળી આવતા તમામ એરિયાને કોર્ડન કરી લેવાયો હતો. આ ઉપરાંત અંબાણીને જાનથી મારી નાખવાની ધમકીભર્યો પત્ર તેમ જ અન્ય ચાર નંબર પ્લેટ મળી આવી હતી. સ્કોર્પિયોની નંબર પ્લેટ અને મુકેશ અંબાણીની કાર નો નંબર સરખો હતો. આ ઘટનાની કેન્દ્ર અને રાજયસરકાર દ્વારા ગંભીર નોંધ લેવાઈ હતી. તેમ જ સીઆઈએસએફ ડોગ સ્કોવડ એટીએસ સહિત પોલીસ દોડતી થઈ હતી.વિવીઆઈપી ભર્યા પેડર રોડ પર દેશ વિદેશના કોનસ્યુંલેટ જનરલ તેમ જ અનેક સેલિબ્રિટી રહે છે જ્યાં લકઝરી કાર ફરતી હોય છે.આથી સ્કોર્પિયો કાર પાર્ક કરાયેલી જોતા સ્થાનિકોને શંકા ગઈ હતી.આ ઉપરાંત એન્ટિલિયા ના સુરક્ષા રક્ષકોએ પણ આની નોંધ લઈ પોલીસને જાણ કરી હતી.આથી પોલીસે અહી આવી તપાસ શરૂ કરી હતી જેમાં શંકાસ્પદ જણાતા બોમ્બ સ્કોવડને જાણ કરી હતી. તેમણે આવી તપાસ કરતા સ્કોર્પિયોમાં વિસ્ફોટકો હોવાનું જણાયું હતું. ૨૫ જિલેટીન તેમ જ અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી આપતો પત્ર અને ચાર નંબર પ્લેટ મળી આવી હતી જે બનાવટી હતી.એટલુજ નહિ સ્કોર્પિયો અને મુકેશ અંબાણીની કારનો નંબર પણ સરખો હતો આથી સંભવિતપણે તેઓ બંગલામાં ઘુસી કોઈ ભયંકર ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હોવાનું કહેવાય છે. જો તેઓ તેમાં સફળ થયા હોત તો એક ત્રાસવાદી હુમલાની સંભાવના હતી.



આ ઘટનાને કેન્દ્ર તેમ જ રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈ સુરક્ષા વધુ સખત કરી હતી.હાલમાં મુકેશ અંબાણીને ઝેડ પ્લસ એ વન સુરક્ષા પૂરી પાડવામાં આવે છે.

આ ઘટના બાદ સીઆઈએસએફ એટીએસ અને મુંબઈ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા હતા.

જો વીવીઆઈપી અને હાઈ સુરક્ષાભર્યા વિસ્તારમાં કોઈ અજાણ્યા વિસ્ફોટો ભરી સ્કોર્પિયો મૂકી જાય અને કલાકો સુધી તેની કોઈને જાણ ન થાય તો સામાન્ય મુંબઈગરા ની સિકયુરિટી તો રામભરોસે જ હોવાની. હાલમાં આ ઘટનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ કરી રહ્યા હોવાનું રાજ્યના ગ્રહપ્રધાન અનિલ દેશમુખે જણાવ્યું હતું.

# જામનગરની જી.જી. હોસ્પિટલમાં એકસ-રે મશીન બંધઃ દર્દીઓ ભારે હાલાકીમાં

જામનગર તા.૨૫ઃ

સિવિલ હોસ્પિટલમાં આજે સવારથી જ ઓપીડી બિલ્ડીંગના ઓર્થો વિભાગનું એકસ-રે મશીન ટેકનિકલ કારણોસર બધં પડી જતાં દર્દીઓને સ્ટ્રેચર ઉપર તો લોબીમાં કલાકો સુધી લાંબી કતારોમાં ઉભીને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. તાબડતબોડ ડિઝીટલ એકસ-રે મશીન પણ શ કરી દેવામાં આવ્યું હોવા છતાં અડધો થી એક કલાક સુધી એકસ-રે માટેનું વેઈટીંગ રહયું હતું. જેના કારણે દર્દીઓમાં બોકાસા બોલ્યાં હતાં.

જી.જી. હોસ્પિટલના કેમ્પસમાં તેમજ ટ્રોમા સેન્ટરની લોબીમાં દર્દીઓ સ્ટ્રેચર પર સુતેલા તો કયાંક ખુણે ખાંચે થાકીને બેઠેલા જોવા મળ્યાં હતાં. જેનું કારણ સિવિલના ઓપીડી બિલ્ડીંગમાં આવેલા ઓર્થો વિભાગની ઓપીડીમાં કાર્યરત એકસ-રેનું વર્ષો જુનું મશીન એકાએક બધં થઈ જતાં આ હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. સવારે બહારગામથી આવેલા દર્દીઓને કલાકો સુધી લાંબી કતારોમાં ઉભા રહેવાની ફરજ પડી હતી. તો દર્દીઓની ભીડ વધતાં જ દેકારો શ થતાં સિવિલ તંત્રએ ટ્રોમા સેન્ટરમાં આવેલો ડિઝીટલ એકસ-રે વિભાગમાં કામગીરી શ કરી દઈ દર્દીઓને ત્યાં ડાયવર્ટ કર્યા હતાં. એમ છતાં દર્દીઓની વધુ ભીડ હોવાથી રાબેતા મજબ કાર્યરત ૨૧ નંબરના વિભાગમાં દર્દીઓને મોકલવામાં આવ્યાં હતાં.

જયાં પણ દર્દીઓની સંખ્યા વધી જતાં બહાર વેઈટીંગ લાગ્યું હતું. આ પરિસ્થિતિમાં દર્દીઓ સ્ટ્રેચર ઉપર તો કયાંક ઓર્થોની ઓપીડીના બાંકડાઓ ઉપર બેસી વધુ દર્દ સહન કરી રહયાં હતાં. એકસ-રે મશીન બધં પડતાં સિવિલ તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી અને તાત્કાલીક અસરથી એન્જિનીયરને જાણ કરી હતી બીજી તરફ જાણવા મળતી વિગત મુજબ બધં થયેલું એકસ-રે મશીન અતિશય જુનું છે અને અવાર-નવાર નહીં અસંખ્ય વખત બધં પડી ગયું છે. એનાથી વધુ આ મશીનની અવધી પણ પૂર્ણ થઈ ગઈ છે. એમ છતાં થીગડા મારી ચલાવાઈ રહયું હતું. સિવિલના સતાધિશોની આવી બેજવાબદારી ભરી નિતીનો ભોગ મોટી સંખ્યામાં દર્દીઓ બનતાં દર્દીઓમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો.

સુપર મલ્ટી સ્પેશ્યાલીટી બિલ્ડીંગ બન્યાના થોડા સમયમાં પીએમએસએસવાય અંતર્ગત લાખો પીયાનું ટેક્નોલોજી આધારીત એકસ-રે મશીન સરકાર દ્વારા ફાળવવામાં આવ્યું હતું જે કોવીડ બિલ્ડીંગમાં પેટીપેક હાલતમાં પડયું છે. જો આ નવું મશીન ઓર્થોના ઓપીડી વિભાગમાં મુકવામાં આવે તો આ પ્રકારની મુશ્કેલીઓ આવતાં દિવસોમાં દર્દીઓને ન પડી શકે આ અંગે એડિ.સુપ્રિટેન્ડેન્ટ અને જીએમટી ડો.અંજના પટેલે જણાવ્યું હતું કે, નવું એકસ-રે મશીન પીએમએસએસવાય અંતર્ગત આવ્યું છે. આથી તે અહીં મુકવા માટે તેની મંજૂરી મેળવવી જરી છે. આ જે જે ક્ષતિ સર્જાઈ છે તે જોતાં અમે તાત્કાલીક અસરથી ઈન્ચાર્જ સુપ્રિ. ડો.ત્રિવેદી સાથે મીટીંગ યોજી નવું એકસ-રે મશીન ઓર્થો વિભાગમાં મુકવામાં આવે તે માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.



# જામનગર રઘુવંશી સોશ્યલ ગ્રુપના હોદેદારોની નિમણુંક



જામનગર તા.૨૫ઃ રઘુવંશી સોશ્યલ ગ્રુપ જામનગરની લોહાણા જ્ઞાતિની છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત સંસ્થાની એક જનરલ મીટીંગ સંસ્થાનાં પ્રમુખ યોગેશ વિઠ્ઠલાણીનાં અધ્યક્ષ સ્થાને લોહાણા મહાજન વાડીમાં યોજવામાં આવી હતી જેમાં સંસ્થાનાં વાર્ષિક હિસાબો સંસ્થાનાં મંત્રી જીજ્ઞેશ સીમરીયા દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં તેમજ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેનાં નવાં હોદેદારો ની નિમણુંક માટે ચર્ચા વિચારણા કરતા સતત ત્રીજી ટર્મ માટે પ્રમુખ તરીકે યોગેશ વિઠલાણી, ઉપપ્રમુખ તરીકે અતુલ રાયઠઠા, મંત્રી તરીકે જીજ્ઞેશ સીમરીયા, સહમંત્રી તરીકે રમેશ ખાખરીયા, ખજાનચી તરીકે નિલેશ જીવરાજાની અને ઓડિટર તરીકે જયેશ ગોકાણીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે.

# જામનગરના પેટ્રોલ પંપ માલિકની આગોતરા જામીન અરજી ફગાવાઈ

## પાસે પડેલો ચેક ગેરકાયદે રિટર્ન કરાવતા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી

જામનગર તા.૨૫ઃ જામનગરના પેટ્રોલ પંપના બે ભાગીદારો વચ્ચે ચાલતી માથાકૂટમાં ચેક રિટર્ન બાદમાં પોલીસ ફરિયાદ થવાના પ્રકરણમાં કોર્ટે ખોટી રીતે ચેક લખી રિટર્ન કરાવ્યાના દાવાને માન્ય રાખી બંને આરોપીઓના આગોતરા જામીન નામંજૂર કર્યા છે.

જામનગરના ઉદ્યોગપતિ જીનેશ ફુલચદભાઈ શાહ તથા મિતલ લલીતભાઈ પોપટની ભાગીદારીમાં અમીત પેટ્રોલપંપ ભાગીદારીમા ચલાવે છે જે પેટ્રોલ પંપનો સંપૂર્ણ વહીવટ અને વ્યવસ્થા મીતલના પિતા લલીત પોપટ સંભાળતા હતા અને આ પેટ્રોલપંપમાં પેટ્રોલની ખરીદી માટે જીનેશભાઈ શાહ દ્વારા સને ૨૦૧૪માં જીનેશ ઈન્ડસ્ટ્રીઝના લેટરપેડ ઉપર તેર લાખ રૂપિયાની પ્રોમીસરી નોટ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દિગ્વિજય પ્લોટ શાખાના સાત બ્લેન્ક ચેકો સહી કરી નામ અને તારીખ વગરના ચેકો લલીત પોપટને સાત રસ્તા પેટ્રોલ પંપ ખાતે આપેલા હતા જે પૈકીના ૬ ચેકો પરત આપ્યા હતા, પરંતુ એક ચેક રાખી લેવામાં આવ્યો હતો. થોડા દિવસો બાદ બાકી રહેલા એક ચેક રફીક ઈબ્રાહીમ ખફી નામના શખસે ૧૩ લાખ ભરી ચેક રિટર્ન કરાવી નોટિસ ફટકારી હતી.

આમ, પૈસા ન લીધા હોવા છતાં ચેક રિટર્નની નોટિસ આપતા જીનેશભાઈએ લલીત પોપટ અને રફીક ઈબ્રાહીમ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા બંને શખસોએ એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. પરંતુ કોર્ટે બંને આરોપીઓના આગોતરા જામીન નામંજૂર કર્યા છે.

# જામનગરમાં ઝાકળભરી સવારઃ લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી



જામનગર તા. ૨૫ઃ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકાએ પહોંચતા જામનગરમાં આજે ઝાકળભીની સવાર જોવા મળી હતી. નગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન અડધો ડીગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી નોંધાયું હતું.

જામનગરમાં છેલ્લા બે દિવસમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૪ ટકા વધીને ૯૧ ટકાએ પહોંચી જતાં નગરમાં આજે ઝાકળભીની આહ્લાદ્ક સવાર જોવા મળી હતી. ઝાકળ વધુ રહેતા વહેલી સવારે વાહનચાલકોને પોતાના વાહનની ગતિ ધિમી રાખવાની ફરજ પડી હતી. નગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન અડધો ડીગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી, જ્યારે દોઢ ડીગ્રી ઘટીને મહત્તમ તાપમાન ૩૧ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૫ થી ૨૦ કિ.મી.ની રહેતા જનતાએ ગઈકાલે સાંજે ગુલાબી ઠંડી અનુભવી હતી.

# સરમત પાસે બાઈક સ્લીપ થતા ઘવાયેલા ભરાણા ગામના યુવાનનું સારવારમાં મૃત્યુ

જામનગર તા. ૨૫ઃ

જામનગર નજીક સરમત પાટીયા પાસે ગયા શુક્રવારે બાઈક સ્લીપ થતા ઘવાયેલા ખંભાળીયાના ભરાણા ગામના યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના ભરાણા ગામના સદામ મામદભાઈ ચમડીયા નામના વાઘેર યુવાન ગઈ તા. ૧૮ના દિને પોતાના જીજે-૩૭-ઈઓ-૫૯૬ નંબરનું મોટરસાયકલ લઈ જામનગર કામસર આવ્યા હતાં. કામ પૂર્ણ થયા પછી સદામ ચમડીયા મોડીરાત્રે પરત ફરતા હતાં.

આ યુવાનનું મોટર સાયકલ જામનગર-ખંભાળીયા ધોરીમાર્ગ પર સરમત ગામના પાટીયા પાસે પહોંચ્યુ ત્યારે કોઈ કારણથી તે વાહન સ્લીપ થતાં સદામને હાથ, માથામાં ઈજા થઈ હતી. કોઈએ આ યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

સારવાર દરમ્યાન આ યુવાનનું ગઈકાલે સાંજે મૃત્યુ થયાનું ભરાણા ગામના ફીરોઝ જુનસભાઈ ચમડીયાએ પોલીસમાં જાહેર કર્યુ છે. સિક્કાના જમાદાર સી.ડી. ગાંભવાએ મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી છે.

# ભાડથર નજીક બાઈકની ઠોકરે યુવાનનું મોત

લાલપુર તા.૨૫ઃ ખંભાળીયાના ભાડથર પાસે વહેલી સવારે પૂરઝડપે ધસી આવેલા બાઈકચાલકે પગપાળા પસાર થતા ઉપલેટાના પડવલાના યુવાનને ઠોકરે ચડાવતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનુ સારવારમાં મૃત્યુ નિપજયું હતું.

ખંભાળીયા-પોરબંદર રોડ પર ભાડથર ગામ પાસેથી પગપાળા પસાર થતા ઉપલેટા તાલુકાના પડવલા ગામના જેન્તીનાથ ઉર્ફે જેંતીલાલ શાંતુનાથ પરમાર નામના યુવાને પુરપાટ વેગે ધસી આવેલા કોઈ અજાણ્યા બાઈકના ચાલકે ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો જે અકસ્માતમાં પગ સહિત શરીરે નાની મોટી ઈજાઓ પહોચતા તેને સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડાયા હતા જયાં ટુંકી સારવાર દરમિયાન તેનુ મૃત્યુ નિપજયુ હતુ.આ બનાવની મૃતકના ભાઈ વિજયનાથ શાંતુનાથ પરમારની ફરીયાદ પરથી પોલીસે અજાણ્યા બાઈકના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી નાસી છૂટેલા ચાલકની શોધ હાથ ધરી છે.

# ઓખા મંડળમાં સોલાર પેનલની સિદ્ધિઃ દરિયાઈ પરવાળાનો ઝડપભેર થયો વિકાસ

જામનગર તા. ૨૫ઃ

ઓખામંડળના દરિયામાં કોરલ એટલે કે દરિયાઈ પરવાળાના ઝડપી વિકાસ માટે રૂા. પચાસ લાખના ખર્ચે શરૂ કરાવેલા બાયોરોક પ્રોજેક્ટને સફળતા મળી છે અને દરવર્ષે એક સેમીની મર્યાદામાં વધતા પરવાળાનો સોલાર પેનલના પ્રયોગ પછી પાંચથી છ ગણો વિકાસ થઈ રહ્યો હોવાના અહેવાલો બહાર આવી રહ્યા છે. બાયોલોજીસ્ટ ડો. આર. ચંદ્રનને ટાંકીને આવી રહેલા અહેવાલો મુજબ ઝુઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અને વનવિભાગ દ્વારા મીઠાપુર અને આરંભડાના દરિયામાં ૫૦ લાખના ખર્ચે બાયોરોક પ્રોજેક્ટ શરૂ કરાયો છે. આ પ્રોજેક્ટ દેશમાં સૌ પ્રથમ હોવાનો દાવો કરાયો છે. આ પ્રોજેક્ટના કારણે મરીન નેશનલ પાર્કમાં પરવાળાનો વિકાસ થઈ રહ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. અહેવાલો મુજબ આ પ્રોજેક્ટનો વિસ્તાર વધારવા માટે વધુ ફંડની જરૂર હોવાથી તે અંગેની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. સોલાર ઉર્જાના સદુપયોગનું આ ઉમદા દૃષ્ટાંત છે.

# ધ્રોલમાં સહકારી મંત્રી-મેનેજરોનો તાલીમ વર્ગ સંપન્નઃ ૫૦ તાલીમાર્થીઓ જોડાયા



જામનગર તા. ૨૫ઃ જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા તા. ૧૫ જાન્યુઆરીથી ૧૮ ફેબ્રુઆરી સુધી યોજાયેલા મંત્રી-મેનેજરોના તાલીમ વર્ગમાં ૫૦ સહકારી સંસ્થાઓના તાલીમાર્થીઓ જોડાયા છે. આ તાલીમ વર્ગનો તાજેતરમાં પુર્ણાહૂતિ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે શ્રીમતી ગાર્ડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-ધ્રોળમાં તા. ૧૫ જાન્યુઆરીથી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી યોજવામાં આવેલ સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગનો પુર્ણાહૂતિ કાર્યક્રમ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ-જામનગર, ડી.સી. તિરથાણીના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો છે.

શરૂઆતમાં જામનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન છગનભાઈ એમ. પટેલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ જામનગર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ તરીકે હાલમાં જ નિયુક્ત થયેલ ટી.સી. તિરથાણી, જામનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમેન કાન્તિભાઈ ગઢિયા, મેનેજર પંકજભાઈ માદરિયા, કોલેજના પ્રિન્સિપાલ વિજયભાઈ સોજીત્રા, સંઘના ઉપપ્રમુખ કરમણભાઈ ભીમાણી, સંઘના ડાયરેક્ટર વશરામભાઈ ચોવટિયા અને મગનભાઈ કાનાણી, રિદ્ધિ-સિદ્ધિ બચત અને ધિરાણ મંડળીના ચેરમેન દિલીપભાઈ ધ્રુવ તેમજ અન્ય આગેવાનોનું સ્વાગત કર્યુ હતું અને તેઓનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચનમાં છગનભાઈ એમ. પટેલે જણાવેલ કે સહકારી મંડળીના લાભો જાણકારીને અભાવે મેળવી શકતા નથી. આટલા વર્ષના અંતે હજુ પણ ઘણું કરવાનું બાકી રહે છે તેના માટે સૌથી પહેલી જરૂરિયાત મંડળીના મંત્રીઓમાં જાગૃતિ લાવી તેમની શક્તિઓનો ઉપયોગ મંડળીના વિકાસમાં કરવા માટે મંડળી પ્રત્યેની તેમની ફરજો અને જવાબદારીઓનો પૂરો ખ્યાલ આપવો. સાથોસાથ મંડળીની કાર્યક્ષમતાનો ખ્યાલ આપવો. જેના માટે ખુશરો કમિટી તેમજ વૈદ્યનાથન કમિટીએ પણ મંત્રીઓને તાલીમ આપવાની ભલામણ કરેલ છે જેમાં મંડળીના હિસાબો, વિકાસને લગતા જુદા જુદા વિષયો, માળખા સામેના પડકારો વગેરે બાબતે મંત્રીઓને પૂરા જાગૃત કરવા તેમજ આવી રહેલા પડકારોને જીલવા મંત્રી તાલીમી હોવા આવશ્યક છે. જિલ્લા સહકારી સંઘ મારફત આવા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે અને તેમાં જુદા જુદા વિષયના નિષ્ણાતોને બોલાવી મંત્રીઓને વિવિધલક્ષી તાલીમ આપવામાં આવે છે.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રીમતી ગાર્ડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. વિજયભાઈ સોજીત્રાએ તાલીમાર્થીઓને સહકારી પ્રવૃત્તીની શાન એવા 'અમુલ'નો ઈતિહાસ અને ડો. વર્ગીસ કુરીયન દ્વારા કરવામાં આવેલ શ્વેત ક્રાંતિ, દેશની હરિયાળી ક્રાંતિમાં અમૂલ્ય ફાળો આપનાર ઈફકો અને કૃભકો અંગે વિસ્તૃત માહિતી આપી, દેશમાં સહકારી પ્રવૃત્તિના ઉદ્ભવ વિશે તેમજ વિવિધ સહકારી સંસ્થાના માળખા વિશે જાણકારી આપી જણાવેલ કે આ બધી સહકારી સંસ્થાઓનો વિકાસ અનેક ચડતી પડતી વચ્ચે થયેલ છે જેમાં આપણા દેશના વિવિધ સામાજિક, સહકારી કાર્યકરોએ અગત્યનો ફાળો આપેલ છે.

આવી પરિસ્થિતિમાં શરૂ થયેલ આ સહકારી પ્રવૃત્તિને જીવંત રાખવા માટે આપણા ગામડાના પશુપાલકોને દૂધ ઉત્પાદનના ઘેર બેઠા સારા ભાવ મળે છે તેમજ દૂધ ઉત્પાદન માટે જરૂરી સવલતો મળી રહે છે. મંત્રીઓએ વધુમાં વધુ સભાસદો મંડળીમાં જોડાય, સભાસદોને મંડળી દ્વારા જરૂરી તમામ સેવાઓ મળી રહે અને મંડળીનો વહીવટ સારી રીતે ચાલે તેમજ સભાસદોનો વિશ્વાસ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. વધુમાં તેઓએ જિલ્લા સહકારી સંઘની કામગીરીની સરાહના કરી જણાવેલ કે સહકારી મંડળીના કોઈપણ પ્રકારના પ્રશ્નો હોય ત્યારે જિલ્લા સહકારી સંઘ દ્વારા માર્ગદર્શન મેળવવું અને જ્યારે જરૂર જણાય ત્યારે જિલ્લા રજિસ્ટ્રાર કચેરીનો નિઃસંકોચ સંપર્ક કરવો અને તેમના તરફથી સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

આ મંત્રી-મેનેજર તાલીમ વર્ગમાં ધ્રોળ અને જોડિયા તાલુકાની ૫૦ જેટલી સહકારી સંસ્થાઓના મંત્રી-મેનેજરોએ તાલીમ મેળવેલ તેમજ આ તાલીમ વર્ગમાં અલગ-અલગ દિવસોએ સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અધિકારીઓ, પદાધિકારીઓ વગેરે હાજર રહી તાલીમાર્થીઓને સહકારી મંડળીઓ વિશે તેમજ સહકારી પ્રવૃત્તિ વિશે માર્ગદર્શન આપેલ. આ પુર્ણાહૂતિ કાર્યક્રમના અંતે આભારવિધિ સંઘના એક્ઝિક્યુટીવ ઓફિસર પ્રજ્ઞેશ નાકરાણીએ કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના મહિલા સી.ઈ.આઈ. મંજુલા પ્રજાપતિએ કર્યું હતું.

# જામજોધપુરના ચુર ગામના કૌભાંડમાં મદદનીશ ઈજનેરના જામીન મંજુર

જામનગર તા. ૨૫ઃ જામજોધપુરના ચુર ગામમાં વર્ષ ૨૦૧૭માં પાણીના ટાંકા તેમજ પાઈપલાઈનનું કામ પૂરું ન થયું હોવા છતાં તેના ચૂકવાઈ ગયેલા બીલ અંગે એસીબીએ ગુન્હો નોંધી હાથ ધરેલી તપાસમાં જિલ્લા પંચાયતના અધિક મદદનીશ ઈજનેરની ધરપકડ કરી હતી, આ આરોપીની હાઈકોર્ટમાં જામીન મુક્તિ થઈ છે.

જામજોધપુર તાલુકાના ચુર ગામમાં વર્ષ ૨૦૧૬માં રબારીવાસમાં પાણીના ટાંકાનું તેમજ અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈનનું કામ ચૌદમાં નાણા પંચની ગ્રાન્ટમાંથી કરવા મંજુરી મળતા વર્ષ ૨૦૧૭માં તે કામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મદદનીશ ઈજનેરે આપ્યું હતું અને રૂા. ૧૮૮૯૪૦ની રકમ ચૂકવાઈ હતી તે પછી વર્ષ ૨૦૧૯માં થયેલા ઓડીટમાં ઉપરોકત કામ થયું ન હોવા છતાં તેના બીલ પાસ કરાવી લેવામાં આવ્યા હોવાની વિગત પ્રકાશમાં આવી હતી. તેથી એસીબીમાં ફરિયાદ કરવામાં આવી હતી. એસીબીએ તત્કાલીન મહિલા સરપંચ વગેરેની ધરપકડ કર્યા પછી મદદનીશ ઈજનેર દર્શન હસમુખભાઈ પરમારની પણ ધરપકડ કરી તેને જેલહવાલે કર્યો હતો.

આ આરોપીએ જામીન મુકત થવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. તે અરજી સામે સરકારપક્ષ દ્વારા દલીલો કરવામાં આવી હતી. આરોપીના વકીલે દલીલ કરી હતી કે, આ કેસની તપાસ પૂર્ણ થઈ ગઈ છે, રેકર્ડ આધારીત ગુન્હો છે, વધુ તપાસ માટે આરોપીની જરૂરીયાત નથી ત્યારે આરોપીને બંધારણીય અધિકારથી વંચિત ન રાખી શકાય. અદાલતે બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા પછી આરોપી અધિક મદદનીશ ઈજનેરે દર્શન પરમારને રૂા. ૧૦ હજારના જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો છે. આરોપી તરફથી વકીલ રાજેશ ગોસાઈ, પ્રેમલ રાચ્છ, વિશાલ જાની, હરદેવસિંહ ગોહિલ, રજનીકાંત નાખવા રોકાયા છે.

## અવસાન નોંધ

**જામનગર :** કાંતિલાલ હરજીવનભાઈ પંડ્યા (ઉ.વ. ૭૬) તા.૨૪ ના રોજ અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૬.૨.૨૧ ના સાંજે ૪ થી ૫ દરમિયાન તેમના નિવાસ સ્થાન (સાયોના શેરી, મયુરનગર શેરી નં. ૩, ગોકુલનગર, બાપા સિતારામ મઢુલી પાછળ)ખાતે રાખવામાં આવ્યું છે.

**જામનગરઃ** નિર્મળાબેન (નિમુબેન) જયસુખલાલ સખીયા (ઉ.વ. ૭૭) તે મહેન્દ્રભાઈ નથુભાઈ સખીયાના ભાભી, તેમજ હર્ષદભાઈ, હિતેષભાઈ (ભગવતી જનરેટર વાળા)ના કાકી, અને અરજણભાઈ, સ્વ. ગોપાલભાઈ, રણછોડભાઈ તથા અશોકભાઈ (નવાગામ વાળા)ના બહેન તા. ૨૪ના રોજ અવસાન પામ્યા છે.

**જામ ખંભાળિયાઃ** રાકેશભાઈ પ્રેમજીભાઈ ગોહેલ (ઉ.વ. ૪૮) તે સ્વ. પ્રદીપભાઈના નાના ભાઈ તથા જીતુભાઈના મોટાભાઈ તા.૨૩ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ઉઠમણું ગુરુવાર તા. ૨૫ ના રોજ સાંજે સાડા ચારથી પાંચ શરણેશ્વર મહાદેવના મંદિરે ખંભાળિયા રાખવામાં આવેલ છે

તંત્રી સ્થાનેથી......

# જીંદગી ઔર કુછ ભી નહીં તેરી મેરી કહાની હે

'મુજે લગતા થા કી અપની કવિતા સે મેં દુનિયા જીત લુંગા, પર અબ લગતા હૈ કી તુ ગલત થા સંતોષ આનંદ.' વ્હીલચેરમાં બેસીને કહેલા આ શબ્દો હતા સિત્તેર અને એંશીના દાયકામાં ધૂમ મચાવનાર ગીતકાર સંતોષ આનંદના. છેલ્લા કેટલાય વર્ષોથી ગુમનામ જીવન જીવી રહેલા આ ૮૧ વર્ષના મહાન ગીતકારે એક રિઆલિટી શોના સ્ટેજ પર આવીને ધ્રુજતા હાથે પોતાની લાચારી અને પરવશતાને અનાવૃત કર્યા.

ફિલ્મ-ફેર એવોર્ડ વિજેતા અને પ્રસિદ્ધિના શિખરે પહોંચીને પાછા વળેલા એક કલાકારની વર્તમાન હાલતે આપણને ઈમોશનલ કરી દીધા. એમના હાથ અને શરીરનું કંપન, આપણી અંદર રહેલા 'અન-કરપ્ટેડ આત્મા'ને ધ્રુજાવતું ગયું. એમની સાથે આપણે પણ રડ્યા. સંતોષ આનંદ માટે રાતોરાત સોશિયલ મીડિયા પર સહાનુભૂતિનું મોજુ ફરી વળ્યું. નનએનું એક માત્ર કારણ એ હતું કે નેશનલ ટેલિવિઝન પર તેમણે મનુષ્ય જીવનના અંતનું સૌથી ભયાનક, વરવું અને ડરામણું સ્વરૂપ દેખાડ્યુ. માણસ સૌથી વધારે સહાનુભૂતિ એ જ વ્યક્તિ માટે દર્શાવી શકે છે, જે વ્યક્તિમાં એને પોતાનું પ્રતિબિંબ દેખાય છે.

૮૧ વર્ષના સફળ, ખ્યાતનામ અને પ્રસિદ્ધ ગીતકારે પોતાની હાલત દ્વારા આપણને ઘડપણ અને જીવનના સૂર્યાસ્તનો અરીસો બતાવ્યો છે, અને એ અરીસામાં આપણું પ્રતિબિંબ જોઈને આપણને આઘાત લાગ્યો છે. આપણી પાસે ન તો કલા છે, ન તો ગીત. ન શબ્દો છે, ન સંગીત. પ્રશ્ન એ છે કે વ્હીલચેરમાં બેસાડીને આપણને કોણ નેશનલ ટેલીવીઝન સુધી લઈ જશે ? પરવશતાની પીડા અને એકલતાનો આર્તનાદ સાંભળવા માટે, કોણ આપણી બાજુમાં માઈક પકડીને ઉભું રહેશે ? પાર્કિન્સન્સ ડીઝીઝ કે ડિમેન્શિયાથી પીડાતા હોઈશું ત્યારે કોને ફરિયાદ કરશું કે અબ તો દિન ભી રાત લગતા હૈ ?

વ્હીલ-ચેર પર હોવા છતાં ફક્ત વિલ-પાવરથી ટકી રહેલો એક કલાકાર બે હાથ જોડીને આપણને એટલું જ કહેવા માંગે છે કે જીવનમાં શું કમાયા એ મહત્વનું નથી, કોને કમાયા ? એ મહત્વનું છે. એક અર્થસભર સંબંધ જીવનના સૂર્યાસ્તને રમણીય બનાવી શકે છે. વાત ફક્ત એટલી જ છે કે આ શરીર ડૂબતું હોય ત્યારે આપણા જીવનનો સન-સેટ જોવા માટે કોઈ બાજુમાં હોવું જરૂરી છે. પ્રસિદ્ધિ, સત્તા, સમૃદ્ધિ કે સંપત્તિ આપણું ડાયપર નથી બદલી શકતા. ઈમોશનલી અન-અવેલેબલ અને કેરલેસ રહેલા કેર-ટેકર્સ આપણી પથારીની બાજુમાં બેસીને મોબાઈલમાં વ્યસ્ત હશે અને આપણે ઈમ-મોબાઈલ થઈ ચુક્યા હશું.

ત્યારે આપણા મૃત્યુના વરઘોડાને ફક્ત એક જ ઘટના જીવંત બનાવી શકે છે અને એ છે કોઈ પરિચિત વ્યક્તિ સાથેનો વાર્તાલાપ. પ્રિયજનની ગેરહાજરીમાં આવેલું મૃત્યુ પણ ફિક્કુ અને અધૂરું લાગે છે. એવું લાગે કે આ વિદાય બરાબર નથી. ખાસ મૃત્યુ પામવા ફરી આવવું પડશે. નનએ વાતની સાબિતી તો મળી ગઈ કે એવોર્ડ, સિદ્ધિ કે સફળતા મનુષ્યના અંતને આહલાદક નથી બનાવી શકતા. મહાપ્રસ્થાન નજીક આવે ત્યારે સ્ટેન્ડીંગ-ઓવેશન એ જ આપી શકે છે, જેઓ ભાવનાત્મક લગાવથી આપણી સાથે જોડાયેલા હોય.

ફૂટેજ, માઈક, ટી.આર.પી કે સહાનુભૂતિ આપણને નહીં મળે. આપણા અંતની વ્યવસ્થા આપણે જાતે જ કરવી પડશે. એટલીસ્ટ એક એવા સંબંધનું વાવેતર કરીને, જેને ધ્રુજતા હાથે કહી શકાય કે ઝીંદગી ઓર કુછ ભી નહીં, તેરી મેરી કહાની હૈ. આપણી કહાનીના પાત્રો જો છેક સુધી આપણી આસપાસ રહે, તો એ જ ઈશ્વરની કૃપા અને આપણી સૌથી મોટી મૂડી.

# શ્રી વિશ્વકર્મા જયંતીની પૂજન-અર્ચન સાથે ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ



રાજકોટ: આજે સમગ્ર સૃષ્ટિના સર્જક શ્રી વિશ્વવકર્મા પ્રભુની જન્મ જયંતિ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઇ રહી છે. આ વર્ષે કોરોનાના કારણે રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ નહોતું કુવાડવા-વાંકાનેર રોડ પર આવેલ સણોસરા ગામ પાસે લુહાર સમાજ દ્વારા વિશ્વકર્મા યાત્રા ધામ ખાતે અનેરા ઉમંગથી વિશ્વકર્મા પ્રભુની જન્મ જયંતિ ઉજવાઇ હતી. વિશ્વકર્મા ચેરી. ટ્રસ્ટના ટ્રસ્ટી પૈલેશભાઇ સિદ્ધપુરાના કથન અનુસાર આજે સવારે ધજારોહણ, વિશ્વકર્મા પ્રભુનું હવન, પૂજન-અર્ચન વગેરે ઉલ્લાસપૂર્વક થયેલ ત્યારબાદ પેકેટ વિતરણ કરવામાં આવેલ આ પ્રસંગે લુહાર સમાજના અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો ઉમટી પડયા હતા.

ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા આજે ખડપીઠમાં આવેલ શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરે સવારે છ વાગે ધ્વજારોહણ, મંગળા આરતી, ત્યારબાદ નવ વાગે માતૃભાવ સ્નેહમિલન બપોરે રાજભોગ આરતી કરવામાં આવેલ. વિશ્વકર્મા પ્રભુજી મંદિરે આજે સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ. તથા મહારકતદાન શિબિર યોજાઇ હતી. તેમ જ્ઞાતિ સમાજના રસિકભાઇ બહુકીયા તથા પ્રદીપભાઇ કગથરા વગેરેએ જણાવેલ છે.

ચિત્રકુટધામ રામજી મંદિર ખાતે આજે સવારે ઓજારનું પૂજન, વિશ્વકર્મા ભગવાનની કથા, મહાઆરતી વગેરે યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

લુહાર વિદ્યાર્થી ભવન (રાષ્ટ્રીય શાળા સામે)માં સવારે વિશ્વકર્મા દાદાનું પૂજન અર્ચન કરવામાં આવેલ. આજે મંદિરોમાં શ્રી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. ઉપરોકત તસ્વીરમાં પ્રથમ ખડપીઠમાં આવેલ શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં બિરાજમાન શ્રી વિશ્વકર્મા દાદાની છે. બીજી તસ્વીરમાં દર્શનાર્થીઓ, ત્રીજી તસ્વીરમાં ઉમટી પડેલા ભાવિકો જોવા મળે છે.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૭૫

"ગુડ મોર્નિંગ, ડિયર સ્ટુડન્ટ્સ......લાસ્ટ પીરિયડમાં આપણે 'કેમિકલ ક્લોન' નામનો ટાસ્ક કમ્પ્લિટ કરેલો. મારી ધારણાં કરતાં કરતાં આખા કલાસે ઘણું સારું પરફોર્મન્સ આપેલું. હવે આપણે એક આઉટડોર ટાસ્ક કરવા જઈ રહ્યા છીએ, સાવ અલગ જ પ્રકારનો..!" વાઈના મેમનું રૂપ દર વખતની જેમ મગજમાં કેમિકલ લોચા પેદા કરી રહ્યું હતું. તેમને જોઈને જેમ જેમ ખુદ પર કાબૂ રાખવાની કોશિશ કરું એમ હું આઉટ ઓફ કંટ્રોલ થતો જતો હતો.

"મેમ અમારે રિયલમાં સ્કૂલ બહાર જવાનું છે કે વર્ચ્યુઅલી ?" એક સ્ટુડન્ટે પૂછ્યું.

માય બોય, તમે વર્ચ્યુઅલી તો આખા બ્રહ્માંડમાં રખડી રહ્યા છીએ. નારદ મુનિ અને એવેન્જરની કેપ્ટન માર્વેલની જેમ. આપણે રિયલમાં આઉટ ઓફ રાજકોટ જઈને ત્રણ ટાસ્ક કરવાના છે. આ ત્રણેય ટાસ્કનો એક પ્રોજેકટ બનશે. એના આધારે તમને હ્યુમન ઈન્ડેક્સ માટે હાફ માર્ક મળશે. 'ફ્યુચર લેબ' માં આ એકમાત્ર એક્ઝામ એવી છે. જેમાં તમારા માર્ક ગણતરીમાં લેવાશે. આ ટાસ્ક ઈંડિવિઝ્યુઅલ કરવાનો રહેશે. આખો પ્રોજેકટ તમારા 'ક્રિએશન પેડ' માં અપલોડ થઈ ગયો છે. આજે રાતે નિરાંતે સમજી લેજો. કાલે આ વિશે કોઈ સવાલો હોય તો પૂછી શકો છો ?" વાઈના મેમ સ્ટેજ પર ખુરશીમાં બેસતાં બોલ્યા.

મેમ આ ૧૨ સાયન્સના ઈમ્પોર્ટન્ટ યરમાં આ ટાસ્ક કરવાનો શું મતલબ...મિન્સ આ હ્યુમન ઈન્ડેક્સના માર્કસ તો બોર્ડ એક્ઝામમાં કાઉન્ટ નથી થવાના. આ એક પ્રકારનો ટાઈમ વેસ્ટ જ ના કહેવાય ?" ક્લાસમાંથી એક સ્ટુડન્ટ્સે સવાલ પૂછ્યો.

"મને આવા એકાદ સવાલની અપેક્ષા હતી જ. ડિયર ૧૨ સાયન્સની તો ફક્ત એક જ વર્ષ બોર્ડની એક્ઝામ હોય છે. જ્યારે લાઈફ તો તમારી ડગલે ને પગલે કોઈપણ એડવાન્સ વોર્નિંગ કે પ્રિપેરેશનની તૈયારીનો સમય આપ્યા વગર એક્ઝામ લેશે ત્યારે શું કરશો ? 'ફ્યુચર લેબ' તમને બૂકના નહીં લાઈફના લેશન શીખવાડવા માંગે છે. આ બધા ટાસ્ક તમને લાઈફમાં આવનારી મુશ્કેલ પરિસ્થિતિમાં ટકી રહેવામાં ઘણી મદદ કરશે. જેને ખેરખર ભણવું છે એ તો સ્કૂલ કે કોઈ વૃક્ષ નીચે કે પછી સ્ટ્રીટલાઈટના અજવાળે ગમે ત્યાં ભણશે. ડોન્ટ વરી, આપણું સ્ટડી ચાલુ જ રહેશે." વાઈના મેમ તેની મુંઝવણ દૂર કરતાં બોલ્યા.

"વન કલ્ચર, વન ફેસ્ટિવલ અને વન પ્લેસ વિથ રિલેટેડ હ્યુમન ટ્રાવેલ. મીરા આ જો બહુ ઈઝી ટાસ્ક છે. મેં 'ક્રિએશન પેડ' માં અપલોડ થયેલો ટાસ્ક જોતાં કહ્યું.

" દેખાવમાં ઈઝી લાગે છે. બાકી બહુ ટફ છે. ટાસ્કના રુલ્સ અને ક્રાઈટેરિયા અને ટાઈમ લિમિટ જો. સાથે આપણું સ્ટડીનું ટાઈમ ટેબલ જો......તું કંઈ સમજે છે. નેક્સ્ટ ૩ મહિનામાં આપણે દરરોજ લગભગ ૧૬ કલાક કામ કરવું પડશે." મીરા બધી ગણતરીઓ કરતાં બોલી. સાથે સવાલ પૂછવા માટે હાથ ઉંચો કર્યો.

" યસ...માય સુપર ઈન્ટેલિજન્ટ એન સ્માર્ટ ગર્લ. તમે તો આજે જ સ્ટડી કરી સવાલો સ્ટાર્ટ કરી દીધા."

"મેમ આ ટ્રાવેલ ટોક શું છે...થોડું વધારે એક્સ્પ્લેઈન કરો ને...! મિન્સ સમજાય તો ગયું છે. પણ અમુક ટોપિક કન્ફ્યુઝ કરે છે." મીરાએ પૂછ્યું.

"તમે જે પણ કલ્ચર, ફેસ્ટિવલ કે પ્લેસ પસંદ કરો એના કારણો આપવાના છે. તમારે એનું શૂટિંગ, લાઈવ રાઈટિંગ નોટ્સનું કામ તો કરવાનું જ છે. પણ સાથે એ સમયનો તમારો એક્સપિરિયન્સ લાઈવ સેલ્ફ શૂટ કરવાનો છે. જેને આપણે આ પ્રોજેકટ માટે નામ આપ્યું છે. ટ્રાવેલ ટોક. આ ત્રણેય ટોપિકના તમારા વર્કનું ક્રોસ ચેકીંગ થશે. એમાં જેટલું મેચિંગ વધારે એટલા માર્કસ વધુ.એટલે કે તમારો જે તે ઘટનાનો અનુભવ, એના લખેલાં ઈનપુટ અને દર્શાવેલા આઉટપુટમાં તમે કેટલું મિસ કર્યું એ ખ્યાલ આવે. ફ્યુચરમાં એના પર કામ કરી તમે આ સ્કિલ પર વધુ સારી રીતે કામ કરી પોલિશ કરી શકો. મીરા સમજાયું કે હજુ વધુ ડિટેઈલમાં સમજાવું." વાઈના મેમે પૂછ્યું.

"નો મેમ, ઓલ ડાઉટ્સ આર ક્લીઅર" મીરાએ જવાબ આપ્યો.

"મેમ, શા માટે આઉટ ઓફ રાજકોટ ? આ ત્રણેય ટાસ્ક રાજકોટમાં રહીને પણ કમ્પ્લિટ થઈ શકે એમ છે ..!" રાહુલે સવાલ પૂછ્યો.

"ગુડ કવેશ્ચન રાહુલ. તે કહ્યું એમ આ ટાસ્ક રાજકોટમાં રહીને પણ કમ્પ્લિટ થઈ શકે જ. પરંતુ આ ત્રણેય ટાસ્ક માટી સાથે જોડાયેલા છે. એટલે રાજકોટમાં તમને જે મળે એ સુધરેલું કે હાઈબ્રીડ વર્ઝન હોય. ઉદાહરણ આપું તો નવરાત્રિના તું અહીંના આયોજન અને ગામડાંની ગરબી જો. સમજાય જાશે. તું ર રાજકોટનો જન્માષ્ટમીનો મેળો જો પછી તરણેતર કે માધવપુરનો મેળો જો હું જે કહું છું એ ફર્ક તમને આપોઆપ સમજાઈ જશે.

અમુક કલ્ચર કે સાંસ્કૃતિક ધરોહર ખાસ પ્રદેશ જ સાચવીને બેઠા છે. એના પોતાના સામાજિક કે ભૌગોલિક કારણો છે. એને સાચવવા માટે અમુક જ્ઞાતિઓએ પોતાની પેઢીઓની કુરબાની આપી દીધી છે. આબધું જાણવા અને સમજવા તમારે એ ખાસિયતો ધરાવતાં સ્થળ, વિસ્તાર અને લોકોની મુલાકાત લેવી અનિવાર્ય છે. માટીથી બંધાયેલો એ પિંડ આ કોન્ક્રીટના જંગલોમાં બેસીને નહી સમજી શકાય. સાથે તમને જે ભણી રહ્યા છો એ જ્ઞાનનો ક્યાંય ઉપયોગી થશે કે કેમ ? એ પણ શીખવા મળશે." વાઈના મેમને પણ આ ટાસ્ક સાથે ખાસ લગાવ હોય એવું વર્તાઈ આવતું હતું.

હું તો આ ટાસ્ક બાબતે ક્લીઅર થઈ ગયો હતો. મેં કલ્ચર, ફેસ્ટિવલ અને પ્લેસ નક્કી કરી લીધી હતી. આ ટાસ્ક મારી લાઈફની જર્નીનો ટર્નિંગ પોઈન્ટ બનવાનો હતો. જેની મને કલ્પના પણ નહોતી.

★★★★★★

કાના, સાગરિયો ક્યાં ગુડાણો છે પાછો ? ભાયનો સગો અઠવાડિયાથી દેખાણો નથી...!" મધુમાસી પુડલું ઉતારતાં બોલ્યા.

"માસી, એ રમતારામ છે....એના ઠેકાણાં ના હોય." દીનાએ ડુંગળીને ઢીકો મારતાં કહ્યું.

"મારા રોયા, ઈ તારા હાટુ રમતારામ હઈશે. મારા તો દીકરા જેવો સે. ખાલી મારા પેટે જઈણો નથી એટલું જ. બીજીવાર આવું ના બોલતો." મધુમાસી આજે કંઈક અલગ મિજાજમાં હતાં.

"મધલી, તું તો સાક્ષાત જોગણ છો. વૈરાગને ગળે વલગાળી દીધો છે. આટલા વરહમાં ધણીનું નામ કોઈ દી મોઢે નથી સાંભળ્યું એવી કાળજાની કઠણ સો પણ આ સાગરની મમત કેમ મેલાતી નથી.?" ભીખાભાઈ ખાડણીમાં લસણની લાલ ચટણી ખાડતાં બોલ્યા.

"ભીખા તું કદાચને મારું મન કળી હયક પણ અત્તર નઈ. ગમે એમ તો હું બાઈ માણહ ને......! મને નઈ આ બાયુંની જાતને વ્હાલના ઉભરા બવ આવે. એ જાજુ જીરવી ના હકે, એને ક્યાંય વરહતું રેવું પડે. નઈતર એનું વ્હાલ એને જ ગૂંગળાવીને ઉધઈની જેમ અંદરથી કોરી ખાય. એ હન્ધુય અંદર ના સંઘરી સકે , એને ઠલવાતું રેવું પડે. ઈ તને નઈ સમજાય ભીખા."મધુમાસી એ પુડલું ઉતારીને મારી થાળીમાં મૂક્યું.

"મધલી, હન્ધુય સમજુ છું. ઘાટ ઘાટના પાણી પીને બેઠો છું. ગામ આખું તારી અને સાગરની વાતું કરે છે. મેં કોઈ દી કીધું ઈ વાતમાં. મને ખબર છે. તમારી વચ્ચે એવું કંઈ નથી. બાયું પોતાનું શરીર કેટલાયને આપી દે હે.પણ...એનું મન ઈ કોકને આપે. કોક અભાગી કેટલીય લગ્નના કજોડા પછી માનસિક પ્રેમ માટે આજીવન તરસતી હોય. એની તરસ એનું માતૃત્વ હૃદયના કોઈ ખૂણામાં ઢબુરી દે. છોકરા થોડા મોટા થાય અને ફરજ ઘટવા લાગે એટલે પ્રેમનો ઝુરાપો ફરી ફૂંફાડા મારે. એ માનસિક પ્રેમની ભૂખ વાસનાના પર્યાય જેવા લગ્નેતર સંબંધોથી સંતોષવાનો પ્રયત્ન કરે. પછી ઈ ક્યાંય ના ઠરે. ના ઘરમાં ના ઘાટમાં કે ના ખુદમાં." ક્યારેક

આભાર - નિહારીકા રવિયા

બોલતાં ભીખાભાઈ આજે શ્રાવણના સરવડાની જેમ વરસી પડયા હતાં.

"ભીખલા તારી વાતું જ કે છે....તું અંદરથી ધૂંધવાયેલો સો. તને કોઈએ પ્રેમમાં સહી ના શકાય એવો દગો આપ્યો છે. એનો બળાપો તું અહી કાઢે સે. જી માણહ કેક પામી ગયો હોય એને ઘાટ ઘાટના પાણી પીવાની જરૂર ના પડે. તને હજુય ઘાટ હાયરે મતલબ છે. હું પાણીને પામી ગઈ સુ. તું રખડતો ભટકતો રહીને આજીવન ઝુરતો રહીશ." મધુમાસીએ ગોળવાળું પુડલું ઉઠલાવતાં કહ્યું.

"માસી, તમે કહ્યું એમ પ્રેમમા કશુંક મેળવી લો કે પામી લો પછી પ્રેમ પહેલાં જેવો રહે કે નહી ?" મેં ડરતાં ડરતાં પૂછ્યું.

"લે કાન્યા, તું કે'દી થી આવું વિચારશ. તારી ભણવાની ઉંમર સે. એમાં ધ્યાન આપ. પ્રેમનું તેજ તારી કાચી ઉંમર નહી જીરવી હકે. પ્રેમમાં કેક પામી લો પછી ખાલી પ્રેમ જ રે. બાકી કંઈ નઈ. તને થાહે તે દી તું તારા કહ્યામાં નઈ રે. તક મળે તો પ્રેમ કરી લેજે નહી તો ભીખાની જેમ ઘાટ ઘાટના પાણી પીવાની જેમ આ સવાલ ગામ આખાને પૂછતો રહીશ. " મધુમાસીએ મને સમજાવતાં કહ્યું.

"ભીખાભાઈ.....પ્રેમ ભડવીર હોય ઈ કરી હકે. બાયુનું મન મરજીવા બની તાગવું પડે. જે દી એને જીતતા આવડી ગયું તે દી ઈ તન સામેથી સોંપવા નદી સાગરને મળવા આવે એમ આવશે. પ્રેમ હાટુ નસીબ જોઈએ. ઈ બજારે વેચાતો ના મળે. એને રૂપિયા કે આબરૂ એકેયથી ના ખરીદી શકાય." દીનો પણ ફૂલ ફોર્મમાં હતો.

"એલા કુવાના દેડકાં જેવા દીનીયા...તું કે દી ગામને આવા ઉઠા ભણાવવા લાયગો. સામે છોકરી મળે તો શરમાઈને મો નીચું ઘાલી જાય સે ને પ્રેમની મોટી મોટી ફેંકે સે." મધુમાસી બોલ્યા.

"માસી એમાં એવું જ હોય...જે કિનારે છબછબિયા કરતો હોય ઈ જ આવી જ્ઞાનની વાતું કરી હકે. માણહ સાંભળે પણ ખરા.કારણ એને ખબર છે ઈ કોઈ દી કરી હકવાના નથી. આવી વાતું સાંભળી મનમાં ને મનમાં સંતોષ માની લે." દીનો બોલ્યો.

મને છોકરીના છપ્પાના સાગરના શબ્દો યાદ આવી ગયા. "જે લોકોને સંભોગ કરવા ના મળે એ હસ્તમૈથુનથી સંતોષ માની લે છે.પરંતુ જે પ્રેમ ના કરી શકે એ આજીવન શબ્દમૈથુનના સહારે જીવતાં હોય છે."

# ઓટીટી-સોશિયલ મિડિયા બાબતે સરકારે નીતિનિયમો સાથે ગાઈડ લાઈન બહાર પાડી

## નેટફલીકસ સહીતના પ્લેટફોર્મ માટે હવે ફિલ્મો ધારાવાહિકનું રેટીંગ: ૧૭ વર્ષની નીચેના વયના માટે પ્રતિબંધીતની વ્યવસ્થા જરૂરી : સ્વસંયમ નોડેલ એજન્સી અને સરકાર દ્વારા નિયમો લદાશે




નવી દિલ્હી તા.૨૫

દેશમાં લાંબા સમયના વિવાદ બાદ કેન્દ્ર સરકારે આજે ઈન્ટરનેટ મિડીયા અને ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ માટેની નવી માર્ગરિખા જાહેર કરતાં સરકાર ટીકા કે આલોચનાને સ્વીકારે છે પણ ઈન્ટરનેટ મિડિયાનાં ખોટા ઉપયોગ પર ફરીયાદ કરવા માટે પણ એક પ્લેટફોર્મ હોવુ જરૂરી છે.

જેનાથી તેનો દુર ઉપયોગ રોકી શકાશે. શ્રી પ્રસાદે કહ્યું કે દેશમાં વોટસએપનાં ૫૩ કરોડ ફેસબુકના, ૪૦ કરોડ અને ટવીટર પર એક કરોડથી વધુ યુઝર્સ છે અને સર્વોચ્ચ અદાલતે પણ ઓનલાઈન ક્ધટેન્ટ માટે ગાઈડલાઈન બનાવવાની સુચના આપી છે. શ્રી પ્રસાદે કહ્યું કે ઈન્ટરનેટ મિડીયા પ્લેટફોર્મ પર એક અધિકારી જે તે કંપનરીએ નિયુકિત કરવાનો રહેશે અને કોઈપણ આપતીજનક ક્ધટેન્ટ ૨૪ કલાકમાં દુર કરવાના રહેશે.

વિદે પ્લેટફોર્મ ભારતમાં જ આ માટે નોડેલ ઓફીસરની નિયુકિત કરવી જરૂરી હશે અને કેવી ફરીયાદો આવી અને તેનો નિકાલ કઈ રીતે થયો તેની માહીતી આપવી પડશે તથા અફવા ફેલાવનારની માહીતી સરકારને આપવાની રહેશે. જેમાં દેશની એકતા અખંડીતતા સુરક્ષા તથા દુષ્કર્મ જેવી માહિતીનો સમાવેશ થાય છે. ઓટીટી પ્લેટફોર્મ ત્રણ સ્તરીય રેટીંગનાં આધારે તેના રેગ્યુલેશન બનાવવાનાં દરેક ઓટીટી ડીજીટલ મિડીયાની નોંધણી જરૂરી હશે અને તેનો અસ્વીકાર કરી શકશો.

કોર્ટમાં પોસ્ટ હટાવવા માયે જે તે વ્યકિતને જાણ કરી શા માટે હટાવાઈ તે પણ કહેવુ પડશે. સોશ્યલ મિડિયા માટે નિયમ ત્રણ મહિનામાં લાગુ થશે સોશ્યલ મિડિયામાં ત્રણ કેટેગરી યુ, યુએ-૭, અને યુએ-૧૩ હશે. ઓનલાઈન પ્લેટફોર્મ પર નિયંત્રણો આવે એવી ડીમાન્ડ ઘણા સમયથી થઈ રહી છે. માટે સરકારે એ અંગે હવે ઈન્ફર્મેશન ટેકનોલોજી રૂલ્સ ૨૦૨૧ તૈયાર કર્યો છે. આ નિયમ પ્રમાણે શારીરીક રીતે અશકત વ્યકિતઓને પણ ઓટીટી પ્લેટફોર્મનો આનંદ મળે

એવી સુવિધા વિકસાવવા જણાવાશે તો વળી ફીલ્મને જેમ તેના ક્ધટેન્ટ પ્રમાણે એ યુ વગેરે સર્ટીફીકેટ અપાય છે તેના રેટીંગ ઓટીટી પ્લેટફોર્મ પર સતત દેખાય તેવી વ્યવસ્થા પણ કરાશે. અત્યારે ઓટીટી પ્લેટફોર્મ ગમે તે ઉંમરની વ્યકિત જોઈ શકે છે. પણ ૧૩ વર્ષથી ઓછી વયનાં બાળકો સીધા ઓટીટી પર ન જઈ શકે એવી વ્યવસ્થા વિકસાવવા કંપનીઓને સુચના અપાશે.આ બધા નિયમો કુલ ૩ તબકકામાં લાગુ થયા છે.

પહેલા તબકકામાં સેલ્ફ રેગ્યુલેશન એટલે કાર્યક્રમ બનાવનાર પોતે જ સમજીને મર્યાદામાં રહે તેનો સમાવેશ થાય છે.બીજા તબકકામાં સરકાર દ્વારા અને ત્રીજા તબકકામાં થર્ડ પાર્ટી દ્વારા અવલોકન કરવામાં આવશે.

# રાજકોટની એઈમ્સના સેન્ટર હેડ ચંદનદેવસિંહ કટોચાની કરવામાં આવી નિમણૂંક

## હિમાચલ પ્રદેશના બિલાસપુર એઈમ્સમાં ડો.વિરસીગ નેગીને નિમણુંક આપવામાં આવી



રાજકોટ તા.૨૫

કેન્દ્ર સરકારે રાજકોટ સહિત દેશને ચાર રાજયોમાં એઈમ્સ હોસ્પીટલના મુખ્ય અધિકારી તરીકે સીનીયર મોસ્ટ અધિકારીઓની નિમણુંક કરી છે જેમાં રાજકોટ એઈમ્સના સેન્ટર હેડ તરીકે પુના હોસ્પીટલના કર્નલ ચંદનદેવસિંહ કટોચને નિમણુંક આપવામાં આવી હોવાનું જીલ્લા કલેકટર રેમ્યા મોહનએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે રાજકોટ એઈમ્સ સહિત દેશના ચાર રાજયોની એઈમ્સ હોસ્પીટલમાં મુખ્ય અધિકારીઓની નિમણુંક કરી છે તેમાં રાજકોટ એઈમ્સ માટે પુનાની આર્મી હોસ્પીટલના રીટાયર્ડ સીનીયર મેડીસીન એન્ડ રેસ્પોરેલોજી વિભાગના પ્રોફેસર તરીકે અગાઉ ફરજ બજાવતા એવા કર્નલ ચંદનદેવસિંહ કટોચને મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત જમ્મુ એઈમ્સમાં ડો. શક્તિકુમાર ગુપ્તાને મુકવામાં આવ્યા છે. ડો. શક્તિકુમાર ગુપ્તા દિલ્હી એઈમ્સ ખાતે ફરજ બજાવી રહ્યા છે.

રાજકોટ જિલ્લા કલેકટર રેમ્યા મોહને વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજકોટ એઈમ્સ ઉપરાંત તામિલનાડુના મદુરાઈ ખાતે પણ ડો. મંગુ હનુમંથા રાવને એઈમ્સના ડીરેકટર તરીકે મુકતો હુકમ કર્યો છે જયારે હિમાચલ પ્રદેશના બિલાસપુર એઈમ્સમાં ડો.વિરસીંગ નેગીને નિમણુંક આપવામાં આવી છે. રાજકોટ ખાતે મુકવામાં આવેલા ડો. ચંદનદેવસિંગ કચોટ એઈમ્સ જયારથી શરુ થશે તે પુર્વે જ પોતાનો ચાર્જ સંભાળી લેશે અને એઈમ્સ શરુ થયા બાદ પણ જયાં સુધી કેન્દ્ર સરકાર બીજો હુકમ ન કરે ત્યાં સુધી રાજકોટ એઈમ્સના સેન્ટર હેડ તરીકે પોતાની ફરજ બજાવશે.

હાલમાં રાજકોટ એઈમ્સના ટેકનીકલ હેડ તરીકે ડો. શ્રમદીપસિંહ સિન્હાની આ અગાઉ કેન્દ્ર સરકારે નિમણુંક કરી દીધી છે. દરમ્યાન રાજકોટ એઈમ્સનું કામ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થાય તે માટે ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે. એઈમ્સના મુખ્ય બિલ્ડીંગના પાંચ પ્લાન હાલમાં મંજુરી માટે રૂડા ઓથોરીટીમાં મુકી દેવામાં આવ્યા છે. હવે મહાનગરપાલિકાની ચૂંટણી પુરી થતા આ અગાઉ ચૂંટણી ફરજ હવાલે રહેલા કર્મચારીઓ મુળ કામગીરીમાં પરત ફરી ગયા છે અને એઈમ્સના મુખ્ય બિલ્ડીંગનો પ્લાન ચાલુ મહિનાના અંત સુધીમાં રૂડા ઓથોરીટી દ્વારા મંજુર કરી દેવામાં આવે તેવું પણ જણાવાયું છે.

# દેશમાં અનાજ-કઠોળનું ૩૦૩૩ લાખ ટનનું સૌથી વધુ ઉત્પાદન થશે



અમદાવાદ તા.૨૫

દેશમાં ચાલુ વર્ષે કોરોના સંકટ હોવા છત્તા મુખ્ય ખેતપેદાશોનું વિક્રમી ઉત્પાદન થવાનો અંદાજ છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા આજે ચાલુ સીઝન વર્ષનો બીજો આગોતરો અંદાજ અને રવી પાકોનો પહેલો આગોતરો અંદાજ જાહેર કરવામાં આવ્યો હતો.

જે મુજબ દેશમાં અનાજ-કઠોળનું ચાલુ વર્ષે વિક્રમી ૩૦૦૦ લાખ ટન ઉપર ઉત્પાદન થવાનો અંદાજ છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયનાં અંદાજ પ્રમાણે દેશમાં ચાલુ વર્ષે અનાજ-કઠોળનું મળીને કુલ ૩૦૩૩ લાખ ટનનું ઉત્પાદન થવાનો અંદાજ છે, જે ગત વર્ષના ચોથા આગોતરા અંદાજ મુજબ ૨૯૬૬.૫ લાખ ટનનું ઉત્પાદન થયું હતું. દેશમાં ઘંઉનું ઉત્પાદન સરકારી અંદાજ મુજબ ૧૦૯૨ લાખ ટન થવાનો અંદાજ છે. જે ગયત વર્ષે ૧૦૭૬ લાખ ટન થયુ હતું.

ઘંઉનાં રિસર્ચ કેન્દ્ર દ્વારા ૧૧૫૦ લાખ ટનનાં અંદાજ સામે ઉત્પાદન ઓછુ થવાનો અંદાજ છે. જો કે વેપારીઓ હજી પણ નીચો અંદાજ મુકે છે. દેશમાં મુખ્ય રવિ પાક એવા ચણાનું ઉત્પાદન ઓલટાઈમ હાઈ ૧૧૬ લાખ ટન થવાનો અંદાજ છે. જે ગત વર્ષે ૧૧૩.૫ લાખ ટન થયુ હતું. એ જ રીતે રાયડાનું ઉત્પાદન પણ ૧૦૪.૩ લાખ ટન થશે, જે ગત વર્ષે ૯૧.૧૬ લાખ ટનમાં થયુ હતું.

તુવેરનો પાક સરકારનાં મતે ૩૮.૮ લાખ ટન થવાનો અંદાજ છે, જે ગત વર્ષનાં ચોથા આગોતરા અંદાજ પ્રમાણે ૩૮.૩૦ લાખ ટન થશે. જો કે વેપારીઓ ૩૨ થી ૩૪ લાખ ટન વચ્ચે જ તુવેર પાકે તેવો અંદાજ મુકે છે. મગફળીનું ઉત્પાદન વિક્રમી ૧૦૧.૫ લાખ ટન થશે, જે ભારતનાં ઈતિહાસનું અતયાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન છે. ગત વર્ષે ૧૦૦ લાખ ટનનું ઉત્પાદન થયું હતું. ખાસ કરીને ગુજરાતમાં ઉત્પાદન વધવાને કારણે કુલ ઉત્પાદન વધ્યું હોવાનું સરકારનું માનવું છે. (ગત વર્ષનો અંદાજ ચોથો આગોતરો અંદાજ છે)

### વધુ ૨ વાર આવું થશે તો ૫ રન ભારતને મળશે

# ઈંગ્લેન્ડ ખેલાડી સ્ટોક્સે બોલ પર લાળ લગાવતા એમ્પાયરે ચેતવણી આપી



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૫

ભારત અને ઈંગ્લેન્ડ ચાલી રહેલી ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે ભારતીય ટીમે મહેમાન ટીમ બેકફૂટ પર લાવી દીધી છે. જો રૂટની ટીમ તેના ટેસ્ટ ઈતિહાસના ચોથા સૌથી લઘુતમ સ્કોર પર ઓલ આઉટ થઈ. આ મેચમાં ઈંગ્લિશ ખેલાડી સરેન્ડર કરતા જોવા મળ્યા. તો બીજી તરફ મેચમાં એખ એવી ઘટના બની જે ન બનવી જોઈતી હતી,

ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર બેન સ્ટોક્સને ડે-નાઈટ ટેસ્ટના શરૂઆતના દિવસે બોલ પર લાળ લગાવતો જોવા મળ્યો હતો, ત્યારબાદ બોલને સેનિટાઇઝ કરવો પડ્યો હતો. આ ઘટના ૧૨મી ઓવરને અંતે બની જ્યારે બેન સ્ટોક્સ બોલને ચમકાવવા માટે લાળનો ઉપયોગ કરતો જોવા મળ્યો, જેના કારણે અમ્પાયર નીતિન મેનન તેની સાથે વાત કરવી પડી હતી. ત્યારબાદ બોલને સેનિટાઈઝ કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલએ ગયા વર્ષે જૂનમાં કોવિડ -૧૯ રોગચાળાને કારણે બોલને ચમકાવવા માટે લાળના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. આઈસીસીએ કોરોના ગાઈડલાઈન અંતર્ગત એક ટીમને પ્રત્યેક ઈનિંગમાં બે વાર ચેતવણી આપી શકાય છે પરંતુ વાંરવાર લાળ લગાવવા પર પાંચ રનની પેનલ્ટી લાગશે જે બેટિંગ કરતી ટીમને મળશે. જ્યારે પણ બોલર બોલ પર લાળ લગાવશે ત્યારે અમ્પાયરને તે બોલથી રમત શરૂ કરતા પહેલા સાફ કરવો પડશે.

# મોટેરા સ્ટેડિયમ : જાણો ભારતના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ વિશે...

અમદાવાદ ખાતે નવનિર્મિત મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૪ ફેબ્રુઆરીથી ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ મૅચ શરુ થશે. આ ડે-નાઈટ ટેસ્ટ મૅચ હશે. નવું સ્ટેડિયમ બન્યા બાદ પ્રથમ વખત ટેસ્ટ મૅચ રમાવાની છે. ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે છેલ્લી ચોથી ટેસ્ટ મૅચ પણ મોટેરા સ્ટડિયમમાં રમાશે અને તે બાદ બંને ટીમો અહીં પાંચ વન-ડે મૅચ પણ રમશે. મોટેરા સ્ટેડિયમ જેને સરદાર પટેલ સ્ટેડિયમ કહેવામાં આવે છે તે દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે. જેની દર્શક ક્ષમતા એક લાખ ૧૦ હજારની છે. 'ધ ફાયનાનશીયલ એક્સ્પ્રેસ' અનુસાર ૧૯૮૨માં ૫૦ એકર જગ્યામાં મોટેરા સ્ટેડિયમમનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારે સ્ટેડિયમની બેઠક ક્ષમતા ૫૪૦૦૦ લોકોની હતી. આ સ્ટેડિયમ રૅકર્ડ નવ મહિનાના સમયમાં તૈયાર થઈ હતી. સ્ટેડિયમ પહેલા બધી ક્રિકેટ અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેડિયમમાં રમાતી હતી.૧૯૮૩માં મોટેરા સ્ટેડિયમમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ ટીમ વચ્ચે ત્રીજી ટેસ્ટ



મૅચરમાઈ હતી, જે સ્ટેડિયમની પ્રથમ ટેસ્ટ મૅચ હતી. ભારતીય ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુએ આ ટેસ્ટ મૅચ દ્વારા આંતરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. મોટેરા સ્ટેડિયમમાં પ્રથમ આંતરાષ્ટ્રીય વન-ડે મૅચ ૧૯૮૫માં ભારત અને ઑસ્ટ્રલિયા વચ્ચે રમાઈ હતી.ભારત અને ઈંગ્લૅન્ડની ટીમ મોટેરામાં પાંચ વન-ડે મૅચ રમવાના છે ત્યારે અહી છેલ્લી આંતરાષ્ટ્રીય મૅચ ૨૦૧૪માં ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ હતી. બિઝનેસ સ્ટાન્ડર્ડ અનુસાર મોટેરા સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિમ છે અને વિશ્વનો બીજો સૌથી મોટો સ્પોર્ટસ્ સ્ટેડિયમ છે. વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટસ્ સ્ટેડિયમ ઉત્તર કોરિયાના પૉન્ગયાન્ગમાં આવેલ રંગગ્રાડો મે ડે સ્ટેડિયમ છે. તેની બેઠક ક્ષમતા ૧૧૪૦૦૦ લોકોની છે. ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૧૧ વિશ્વ કપની ક્વાર્ટર ફાયનલની મૅચ મોટેરા સ્ટેડિયમમાં રમાઈ હતી. ભારત આ મૅચ જીતી ગયું હતું. મોટેરામાં ટેસ્ટ મૅચમાં સૌથી વધુ રન કરવાનો રૅકર્ડ શ્રીલંકાના નામે છે. ૧૬ નવેમ્બર ૨૦૦૯ના રોજ ભારત સામે બીજી ઈંનિગ્સમાં શ્રીલંકાએ ૭ વિકેટના નુકસાને ૭૬૦ રનનો જંગી સ્કોર કર્યા બાદ દાવ ડિકલેર કર્યો હતો. ૩ એપ્રિલ ૨૦૦૮ના રોજ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે આ મેદાન પર ટેસ્ટ રમાઈ, જેના પ્રથમ દિવસે લંચ પહેલાં તો ભારત ૭૬ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું. મોટેરા સ્ટેડિયમમાં ટેસ્ટ મૅચમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર શ્રીલંકાના બૅટસ્મેન મહેલા જયવર્દનેના નામે છે. તેમણે ૪૩૫ બૉલમાં ૨૭૫ રન કર્યા છે જેમાં ૨૭ ચોગ્ગા અને ૧ છગ્ગો સામેલ છે. વન-ડેમાં સૌથી વધુ રન કરવાનો રૅકર્ડ દક્ષિણ આફ્રિકાના નામે છે.૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ દક્ષિણ આફ્રિકાએ ભારત સામે સૌથી વધુ ૩૬૫ રન કર્યા હતા. વેસ્ટ ઈન્ડીઝ સામે ઝિમ્બાબ્વેની ટીમે સૌથી ઓછા ૮૫ રન સ્કોર કર્યા હતા. આ મૅચ ૮ ઑક્ટોબર ૨૦૦૬ના રોજ રમાઈ હતી. મોટેરા સ્ટેડિયમમાં વન-ડે મૅચમાં સૌથી વધુ રન કરવાનો રૅકર્ડ સૌરવ ગાંગુલીના નામે છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મૅચ દરમિયાન સૌરવ ગાંગુલીએ ૧૫૨ બોલમાં ૮ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકીરને ૧૪૪ રન બનાવ્યા હતા...

# ટી-૨૦માં સૌથી વધુ સિક્સર ફટકારનાર ખેલાડી બન્યો માર્ટિન ગુપ્ટિલ



(જી.એન.એસ.)ક્રાઈસ્ટચર્ચ,તા.૨૫

ન્યૂઝીલેન્ડના ઓપનર બેટ્સમેન માર્ટિન ગુપ્ટિલએ ટી-૨૦માં એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટી-૨૦ મેચમાં ૮ સિક્સર લગાવીને ગુપ્ટિલ ટી-૨૦માં સૌથી વધુ સિક્સર લગાવનાર ખેલાડી બની ગયો છે. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ગુપ્ટિલે ૫૦ બોલમાં ૯૭ રનની ઈનિંગ રમી હતી. જેમા તેમણે ૬ ફોર અને ૮ સિક્સર ફટકારી હતી. આ મેચ બાદ ટી-૨૦ ઈન્ટરનેશલ ક્રિકેટમાં ગુપ્ટિલના ૧૩૨ સિક્સર થઈ ગઈ છે. તો બીજી તરફ ભારતીય બેટ્સમેન રોહિત શર્માએ ૧૦૮ મેચમાં ૧૨૭ સિક્સર ફટકારી છે. અન્ય કોઈ ખેલાડી ૧૨૦ સિક્સર સુધી પણ નથી પહોંચી શક્યો. જો કે ગુપ્ટિલ ટી-૨૦માં ત્રીજી સદી પુરી કરવામાં ચુકી ગયો હતો. રોહિતે ૪ સદી ફટકારી છે. ટી-૨૦માં સૌથી વધુ રન બનાવવાના મામલે ગુપ્ટિલ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી અને રોહિત શર્મા પછી ત્રીજા ક્રમે છે. કોહલી ૨૯૨૮ રન સાથે ટોપ પર છે. રોહિત શર્મા ૨૭૭૩ રન સાથે બીજા ક્રમે અને ગુપ્ટિલ ૨૭૧૮ રન સાથે ત્રીજા ક્રમે છે.

# સોનમ કપૂરે કોવિડ-૧૯ રસીને લઈ પ્રશ્ન કરતા ટ્વિટર પર થઈ ટ્રોલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫



બોલિવુડ અભિનેત્રી સોનમ કપૂર સોશિયલ મીડિયા પર ખાસ્સી એક્ટિવ રહે છે અને પોતાના વિચારો મૂકે છે. કેટલીય વખત અભિનેત્રીને ટ્રોલનો પણ સામનો કરવો પડ્યો છે. આ વખતે આવું જ કંઈક થયું છે. સોનમ કપૂર એ તાજેતરમાં કોવિડ-૧૯ રસીને લઈ એક એવો પ્રશ્ન કર્યો કે ત્યારબાદ તે ટ્વિટર પર ટ્રોલ થવા લાગી. વાત એમ છે કે સોનમ કપૂરે પોતાની ટ્વીટમાં એ પૂછયું કે ભારતમાં આપણા ગ્રાન્ડપેરેન્ટસ અને પેરેન્ટસ કયારે અને કેવી રીતે રસી લઈ શકે છે. સોનમ કપૂરની આ ટ્વીટ પર યુઝર્સ ખૂબ રિએકશન આપી રહ્યા છે.

સોનમ કપૂરે લખ્યું કે શું કોઈ મને કહેશે કે આપણા ગ્રાન્ડપેરેન્ટસ અને પેરેન્ટસ ભારતમાં કેવી રીતે રસી મૂકાવી શકે છે અને આ કયારે ઉપલબ્ધ છે? હું ખૂબ જ કન્ફયુઝ છું? દરેક લોકો પાસેથી અલગ-અલગ જાણવા મળી રહ્યું છે. હું ખરેખર તેમના માટે આ ઈચ્છું છું. સોનમ કપૂરની આ ટ્વીટ પર કેટલાંક લોકોએ તેને ટ્રોલ કરતાં સરકારી સાઈટ ચેક કરવાનું અને સાથો સાથ જોવાની સલાહ આપી દીધી છે. આપને જણાવી દઈએ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કોવિડ-૧૯ રસીકરણના આગળના તબક્કાના અભિયાનને લઈ નિર્ણય કરાયો.

બેઠક બાદ સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે સંવાદદાતાઓને કહ્યું કે મંત્રીમંડળની બેઠકમાં એ નિર્ણય લેવાયો છે કે ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો તથા કોઈ બીજી બીમારીથી પીડાતા ૪૫ વર્ષથી ઓછી ઉંમરના લોકોને કોરોના વાયરસની રસી પહેલી માર્ચથી અપાશે. તેમણે કહ્યું કે આ શ્રેણીમાં ૧૦ હજાર સરકારી કેન્દ્રો પર મફત રસી અપાશે. તેમણે કહ્યું કે ૨૦ હજાર ખાનગી ક્લિનિક્સ કે કેન્દ્રો પર રસી મૂકાવનારને ફી આપવી પડશે.

# શાહરૂખની દીકરી સુહાનાએ ઈન્સ્ટા પર શેર કરી હૉટ તસવીર, કાયલ થયા ફેન્સ



બૉલીવુડના બાદશાહ શાહરૂખ ખાનની દીકરી સુહાના ખાને ફરી એકવાર પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરીને તહેલકો મચાવી દીધો છે. સુહાના આ તસવીરમાં એકદમ હૉટ લાગી રહી છે, અને આ તસવીર સોશ્યલ મીડિયા પર ખુબ ઝડપથી વાયરલ થઈ રહી છે. ફેન્સ આ હૉટ અંદાજ પર સખત કૉમેન્ટ અને લાઈક્સ કરી રહ્યાં છે. સુહાનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ તસવીર શેર કરતાં લખ્યું- આ તસવીરો વિશે કંઈક કહો.... આના પર ફેન્સ સતત પ્રતિક્રિયાઓ આપી રહ્યાં છે. એક ફેને સુહાના માટે લખ્યું- યૂ લૂક અમેઝિંગ, વળી બીજા એકે લખ્યું- તમે આ તસવીરમાં એકદમ હૉટ લાગી રહ્યાં છો સુહાના. વળી એક ફેન્સે પુછ્યુ બૉલીવુડમાં એન્ટ્રી ક્યારે લઈ રહી છો સુહાના. આઉટફિટમાં સુહાના એકદમ હૉટ લાગી રહી છે, વળી તેની આંખો પણ એટ્રેક્ટિવ લાગી રહી છે. સુહાના હંમેશા સોશ્યલ મીડિયા પર પોતાની તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે.

### ઈંધણના વધતા ભાવોના વિરોધમાં પ.બંગાળના મુખ્યમંત્રીએ ઈ-સ્કુટર પર કાઢી રેલી

# મોદી-શાહ તો એક સમયે દેશનું પણ નામ બદલી નાખશે: મમતા બેનર્જી

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૨૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવનો અનોખી રીતે વિરોધ કર્યો છે. મમતા બેનરજી ગુરુવારે કારના કાફલામાં નિકળવાને બદલે ઈલેક્ટ્રિક સ્કૂટર પર મુખ્યમંત્રી કાર્યાલય પહોંચ્યા હતા. તેમનું સ્કૂટર મંત્રી ફિરહાદ હકીમ ચલાવી રહ્યા હતા અને સીએમ મમતા બેનરજી પાછળની સીટ પર બેઠા હતા. મમતા બેનરજીએ ઈ સ્કૂટર પર સીએમ કાર્યલાય જઈ રહ્યા હોવાનો એક વીડિયો પણ ટ્વિટર પર પોસ્ટ કર્યો હતો. મમતા બેનરજી સ્કૂટરની પાછળની સીટ પર હેલ્મેટ પહેરીને બેઠા હતા અને તેઓએ મોંઢા પર માસ્ક પણ પહેર્યું હતું. મમતાએ પોતાના ગળામાં એક મોટું પ્લેકાર્ડ લગાવી રાખ્યું હતું જેમાં અંગ્રેજીમાં લખ્યું હતું, 'તમારા મોઢામાં શું છે? પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો,



ડિઝલનો ભાવ વધારો અને ગેસનો ભાવ વધારો.'

નબન્ના પહોંચતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે, નોટબંધી, પેટ્રોલ-ડીઝલ અને કોલસાની કિંમતમાં થઈ રહેલા વધારાના કારણે દેશ આજે બેકફૂટ પર ચાલ્યો ગયો છે. આમ થવા પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જવાબદાર છે. તેઓ નેતાજી અન સરદાર વલ્લભભાઈ પટેલના નામે બની રહેલા સ્ટેડિયમના નામો જ બદલી રહ્યાં છે જે ખુબ જ દુઃખદ છે. મોદી-શાહ તો એક સમયે દેશનુ પણ નામ બદલી નાખશે.

મમતા બેનરજીએ પ્રહારો યથાવત રાખતા કહ્યું હતું કે, તે (ભાજપ) દરરોજ રસોઈ ગેસ અને ડીઝલના ભાવ વધારી રહ્યાં છે, જે ચિંતાનો વિષય છે. હવે કેન્દ્ર જ્યાં સુધી ચૂંટણી યોજાશે ત્યાં સુધી ભાવ ઘટાડશે. ચૂંટણી પુરી થયા બાદ તેના ભાવમાં ફરી વધારો કરવામાં આવશે.

મમતા બેનરજી સ્કૂકર પર સીએમ કાર્યલાયે પહોંચ્યા તેનો સમગ્ર વીડિયો સોશિયલ મીડિયા પર લાઈવ પ્રસારિત કરાયો હતો. તેમણે વધી રહેલી ઈંધણની કિંમતોનો વિરોધ કરવા આ અનોખો રસ્તો અપનાવ્યો હતો. ચાલુ વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આ મહિને પેટ્રોલના ભાવ રૂ.૧૦૦ પ્રતિ લિટરને પાર પહોંચી ગયો છે.

# પરિણીતી ચોપરા 'ધ ગર્લ ઓન ધ ટ્રેન' આજે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫

પરિણીતી ચોપરા 'ધ ગર્લ ઓન ધ ટ્રેન' ૨૬ ફેબ્રુઆરીએ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. ફિલ્મમાં પરિણીતીએ મીરા કપૂર નામની યુવતીનું પાત્ર ભજવ્યું છે. તેને એવી બીમારી છે કે તે થોડાંક વર્ષો પહેલાંની તમામ ઘટનાઓ ભૂલી ગઈ છે અને તે એક મર્ડરના આરોપમાં ફસાઈ જાય છે. હાલમાં જ ફિલ્મના પ્રમોશનમાં પરિણીતીને પૂછવામાં આવ્યું કે તેની રિયલ લાઈફમાં કઈ ખરાબ વાતને ભૂલવા માગે છે? આના જવાબમાં પરિણીતીએ કહ્યું હતું, 'હું ઈચ્છું છું કે કાશ હું તે સમયની યાદોને હંમેશાં માટે ભૂલાવી શકું, જ્યારે મારું વજન વધારે હતું.

એક સમય હતો જ્યારે હું કોલેજમાં ભણતી હતી. હું બહુ જ ગંદી દેખાતી હતી અને એકદમ અનહેલ્થી હતી. હવે આવી હું બિલકુલ નથી. આજે હું હેલ્થ તથા જીવન અંગે પહેલાં કરતાં વધારે સજાગ છું. હું ઈચ્છું છું કે કાશ હું મારા જીવનના તે હિસ્સાને મિટાવી દઉં. તે સમયની તસવીરો આજે પણ મને ડરાવી દે છે. જો હું મારા ભૂતકાળમાં ફરી વાર પરત જઈ શકું તો હું મારા જીવનમાં સ્પોર્ટ્સને અચૂકથી સામેલ કરતી, જેથી નાનપણમાં હું ફિટ



દેખાઈ શકું. આ પહેલાં એક ઈન્ટરવ્યૂમાં પરિણીતીએ ફિલ્મ 'ધ ગર્લ ઓફ ધ ટ્રેન'માં પોતાના પાત્ર અંગે કહ્યું હતું, 'આ ફિલ્મમાં હું મેથડ એક્ટિંગ કરીશ.

મેં એક શરાબીનો રોલ પ્લે કર્યો છે. આજ સુધી મેં આ પ્રકારનો રોલ નિભાવ્યો નથી. રિયલ લાઈફમાં મેં ક્યારેય દારૂ પીધો નથી પરંતુ પ્રોફેશનલ લાઈફની આ જ મજા છે. અહીંયા મને તમામ પ્રકારના રોલ કરવાની તક મળે છે. જે મેં આ પહેલાં ક્યારેય કર્યા નથી.' પરિણીતીની આ ફિલ્મ હોલિવૂડ ફિલ્મ 'ધ ગર્લ ઓન ધ ટ્રેન'ની રીમેક છે. આ ફિલ્મમાં એમિલી બ્લન્ટે લીડ રોલ પ્લે કર્યો હતો.

# ચૂંટણીમાં જીત મળતાં જ રેલ્વેનાં મુસાફરી ભાડામાં વધારો ઝીંકાયો

### રેલ્વેની લોકલ ટ્રેનના ભાડા તથા રાંધણ ગેસના બાટલામાં વધુ એકવાર ભાવવધારો જાહેર કરાયો

### સ્વાસ્થ્ય સુધરી જતાં વૈદ્ય વેરી બન્યા એ કહેવતને યથાર્થ ઠેરવતા આપણા રાજનેતાઓ

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૫

રાજ્યની ૬ મહાપાલિકાના આશ્ચર્ય પમાડનાર પરિણામો બાદ ભાજપને કલ્પના બહારની જીત મળતાં વિપક્ષો તો અવાચક થઈ ગયા છે. પરંતુ ઠેર ઠેર શહેરોમાં આવું કેમ બન્યું ? તે મામલે બૌધ્ધિકોમાં ચર્ચા ચાલી રહી છે. કોઈક લોકો રાત્રીનાં ૯-૧૦ વાગ્યા સુધી કેટલાક સ્થળે મતદાન ચાલ્યાને તો કોઈ લોકો ઈ.વી.એમ. દોડયા તેવું ગણીત માંડે છે.

ગમે તે થાય ભાજપને પ્રચંડ જીત મળ્યા બાદ લોકોને મોંઘવારીમાંથી રાહત મળવાની અપેક્ષા હતી. પરંતુ આજે કેન્દ્ર સરકારની મીઠી નજર હેઠળ અસહ્ય મોંઘવારીનો માર સહન કરતી જનતાને નેતાઓના આશીર્વાદથી રાંધણગેસમાં તથા પેટ્રોલ-ડિઝલના





સતત વધતા ભાવ તેમજ કોરોના કાળમાં રેલ્વે તંત્રને નુકશાની ગયાના બહાને લોકલ ટ્રેનના ટીકીટ દરોમાં વધારો ઝીંકવામાં આવ્યો છે.

"દેશમાં એક તરફ સત્તા મજબૂત બનાવવા અને ટકાવવા ભાજપનાં નેતાઓ મતદારોને જે પાચં રાજ્યોમાં ચૂંટણી પડઘમ વાગી રહ્યા છે. ત્યાં હાથ જોડી મત આપવા કાકલુદી કરી રહ્યા છે. પોતાની અનેક નિષ્ફળતાઓ પર પરદો પાડવાની ગજબ આવડત ધરાવતા નેતાઓ દેશ અને લોકોને ભવ્ય સ્વપ્નો બતાવી રહ્યા છે.

તો બીજી તરફ દેશની મોટા ભાગની ગરીબ જનતા સતત ભાવવધારા અને મોંઘવારીના કારણે કરોડરજ્જુ તોડી નાખેલ છે. તેવા સમયે આજે જાહેર થયેલ ભાવ વધારો બળતામાં ઘી હોમવા જેવો સાબીત થઈ રહ્યો છે. "ખાનગીકરણના ઓઠા હેઠળ વ્યાપારિકરણ કરી કર્મચારીઓ તથા દેશની જનતાનું શોષણ કરવાનો ખાનગી કંપનીઓને પરવાના આપતી સશકાર મગરનાં આંસુ સારવાનું બંધ કરી સામાન્ય માનવીની મુશ્કેલીઓ તરફ ધ્યાન આપે તે વર્તમાન સમયની બહુમતિ લોકોની માંગ છે. મોંઘવારી ચરમસીમાએ પહોંચી રહી છે ત્યારે લોકોની ભાવ વધારા સહન કરવાની શક્તિ હવે પૂર્ણ થવાની અણીએ છે.

# માલદીવ્સમાં શિલ્પા શેટ્ટી એનિમલ પ્રિન્ટેડ બિકીનીમાં મળી જોવા

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫



૪૫ વર્ષીય બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી હાલમાં માલદીવ્સમાં વેકેશન મનાવી રહી છે. એક્ટ્રેસ હાલમાં જ એનિમલ પ્રિન્ટેડ બિકીનીમાં જોવા મળી હતી. શિલ્પા શેટ્ટીએ માલદીવ્સ વેકેશનની તસવીરો સો.મીડિયામાં શૅર કરી છે. એક તસવીરમાં શિલ્પાએ એનિમલ પ્રિન્ટેડ બિકીનીમાં જોવા મળી હતી. આ આઉટફિટમાં જોયા બાદ શિલ્પાની ફિલ્મ 'મૈં ખિલાડી તુ અનાડી'ની યાદ આવી ગઈ હતી. ૧૯૯૪માં રિલીઝ થયેલી આ ફિલ્મના ગીત 'ચુરા કે દિલ મેરા ગોરીયા ચલી'માં શિલ્પાએ એનિમલ પ્રિન્ટેડ ટુ પીસ ડ્રેસ પહેર્યો હતો.

આવો જ ડ્રેસ શિલ્પાએ માલદીવ્સ વેકેશનમાં પહેર્યો છે. શિલ્પાના પતિ રાજ કુંદ્રાએ પણ વેકેશનની તસવીરો શૅર કરી હતી. ૧૫ ફેબ્રુઆરીના રોજ શિલ્પાની દીકરીનો પહેલો જન્મદિવસ હતો. સમીશાનો જન્મ સરોગસીથી થયો હતો. શિલ્પા શેટ્ટી પરિવાર સાથે મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર દર્શન કરવા ગઈ હતી. શિલ્પા શેટ્ટીએ બિઝનેસમેન રાજ કુંદ્રા સાથે વર્ષ ૨૦૦૯માં ૨૨ નવેમ્બરના રોજ લગ્ન કર્યાં હતાં. લગ્નના ત્રણ વર્ષ બાદ એટલે કે વર્ષ ૨૦૧૨માં શિલ્પાએ દીકરા વિયાનને જન્મ આપ્યો હતો. લગ્નના ૧૧ વર્ષ બાદ શિલ્પા બીજીવાર માતા બની હતી.

### હિન્દુ યુવતીઓને કોઈ ઉઠાવી લઈ જાય એ હવે નહિ ચાલે : રૂપાણી

# ગુજરાતમાં લવજેહાદ સામે કાયદો લાવીશું: મુખ્યમંત્રી

(જી.એન.એસ.)ગોધરા,તા.૨૫

રાજયની ૬ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી નગરપાલિકા-જિલ્લા અને તાલુકા પંચાયત કબજે કરવા માટે પ્રચાર કરી રહ્યા છે. ગોધરામાં એક સભાને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યુ કે, આગામી વિધાનસભા સત્રમાં લવ જેહાદનો કાયદો લાવવા માટે પ્રયત્ન કરવામાં આવશે. સીએમ રૂપાણીએ કહ્યુ કે, ભૂતકાળમાં કડક કાયદા બનાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી રૂપાણીએ ગોધરામાં સભાને સંબોધતા કહ્યુ કે, ગુજરાતમાં સરકારે અનેક વિકાસ કામ કર્યા છે, આજે હું ગોધરામાં કહેવા આવ્યો છું કે, મારી સરકારે ભૂતકાળમાં કડક કાયદા બનાવ્યા છે. નવુ વિધાનસભા સત્ર માર્ચથી શરૂ થાય છે. લવ જેહાદનો કાયદો પણ હું કડક રીતે લાવવા માંગુ છું, કોઇ પણ હિન્દુ છોકરીને ઉપાડી જાય તે હવે ચલાવી લેવામાં આવશે નહી અને લવ જેહાદના કાયદાથી બહેનોને ફોસલાવીને ધર્માન્તર કરવામાં આવે છે, તે અટકાવવામાં આવશે. સીએમ રૂપાણીએ વધુમાં કહ્યુ કે, "ગુંડાઓ વિરૂદ્ધ ગુજસીટોકનો કડક કાયદો બનાવવામાં આવ્યો છે. ૧૪ વર્ષની જનમટીપ, ગુંડાઓ ગુજરાત છોડે અથવા ગુંડાગીરી છોડે તે દિશામાં આગળ વધવા માંગીએ છીએ.



ગોધરાની જનતાને પણ આસ્વસ્થ કરવા આવ્યો છું કે ગુંડાગીરી ચલાવવામાં આવશે નહી. ભારતીય જનતા પાર્ટી ગુંડાઓ સામે કડક હાથે કામ લઈને નાનામાં નાના માણસ સાથે સરકાર છે. વધુમાં રૂપાણીએ જણાવ્યુ કે, લેન્ડ ગ્રેબિંગનો કડક કાયદો લાવવામાં આવ્યો છે, લુખ્ખાઓ ગમે તેની જમીન પડાવી લે છે, ખોટા દસ્તાવેજો બનાવડાવે છે, તે ભૂતકાળ થઇ ગયુ. હવે કોઇ પણ વ્યક્તિની જમીન પડાવી લેવામાં આવી હશે તો ૧૫ દિવસમાં કલેક્ટર તે અરજીનો નિકાલ કરશે. ૭ દિવસમાં એફઆઈઆર બનશે, સ્પેશ્યલ કોર્ટ બનાવીને ૬ મહિનામાં ચુકાદો આવશે જેમાં ૧૦ વર્ષ મિનિમમ અને ૧૪ વર્ષ મેક્સિમમ જેલની સજાની જોગવાઇ છે. છ મહિના પછી મિત્રો આ લેન્ડ ગ્રેબરો તેની સાત પેઢીને કહેતા જવાના છે કે ગમે તેવો ધંધો કરજો પણ આ ધંધો ના કરતા, તેમની ૭ પેઢીને કહેતા જાય તેવો કાયદો આપણે લાવ્યા છીએ.

અત્યાર સુધી ૧૩૦ અરજીની કાર્યવાહી ગુજરાતમાં ચાલુ થઇ ગઇ છે, ગુજરાતમાં કાયદો વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવશે. મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યુ કે, અમારી સરકારે એન્ટી કરપ્શન બ્યૂરોને મજબૂત કર્યુ છે, છેલ્લા ૩ વર્ષમાં અનેક જગ્યાએ રેડ પાડી છે અને બેનામી સંપત્તિ ઉપર ઘોષ વધારી છે. હમણા ભૂતપૂર્વ તલાટી પકડાયો, કરોડો રૂપિયાની સંપત્તિ નીકળી, કોઇ હાથ નાખતુ નહતું, તેના ઉપર પણ રેડ પાડી છે અને અત્યારે બેનામી સંપત્તિના કેસ ઉભા થયા છે. પુરવઠામાં પણ ગરબડો ચાલે છે, કડક હાથે આખા ગુજરાતમાં પુરવઠાના ગોડાઉનોનું ચેકિંગ કરવામાં આવશે, આ પુરવઠામાં પણ કોઈએ ગરબડ કરી હશે તેમને શોધી શોધીને કાર્યવાહી કરવામાં આવશે."સીએમ રૂપાણીએ ગોધરામાં કહ્યુ કે, લોકો ગંદુ પાણી પીતા હતા. આજે સરકારનો નિર્ણય છે કે ૨૦૨૨ પહેલા ૧૦૦ ટકા નળથી જળ શુદ્ધ પાણી લોકોના ઘરે પહોચે, અત્યારે ૮૨ ટકા કામ પતી ગયુ છે. ૨૦૨૨ પહેલા ૧૦૦ ટકા નળથી જળ પાણી આપવાના છીએ.

### ૨૦૦૬ કાલુપુર બ્લાસ્ટ

# ગુનામાં મદદગારીના આક્ષેપ સાથે ધરપકડ કરાયેલા આરોપીના કોર્ટે જામીન ફગાવ્યા

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૫

વર્ષ ૨૦૦૬ કાલુપુર રેલવે સ્ટેશન બૉમ્બ બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા આરોપીઓને બાંગ્લાદેશ સરહદ પાર કરાવવા માટે આશ્રય આપવાના આક્ષેપ સાથે ધરપકડ કરાયેલા આરોપી – અબ્દુર રજાક ગાઝીના અમદાવાદની કોર્ટ દ્વારા જામીન ફગાવી દેવામાં આવ્યા છે. કોર્ટે આરોપીના જામીન ફગાવતા નોંધ્યું હતું કે ગુનામાં ચાર્જશીટ દાખલ થવાથી સંજોગોમાં કોઈ ફેરફાર થતો નથી. આરોપી સામે ગંભીર પ્રકારના આક્ષેપ છે, જેથી તેને હાલ જામીન આપી શકાય નહિ. નોંધનીય છે કે આરોપીની બૉમ્બ બ્લાસ્ટની ઘટનાના ૧૪ વર્ષ બાદ ધરપકડ ધરપકડ કરવામાં આવી છે. અરજદાર – આરોપીના એડવોકેટ તરફે રજુઆત કરવામાં આવી હતી કે આરોપી પર બે – આરોપીઓને બાંગ્લાદેશ સરહદ પાર કરાવવા માટે આશ્રય આપવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે, જોકે આ બે આરોપીઓ પૈકી એક આરોપીને કોર્ટ દ્વારા નિર્દોષ છોડી મુકવામાં આવ્યો છે, જ્યારે બીજા આરોપીનો કેસ પેન્ડિંગ છે.



અરજદારને વર્ષ ૨૦૧૮માં પાસપોર્ટ જારી કરવામાં આવ્યું છે, તેમાં થયેલી પોલીસ વેરિફિકેશનમાં પણ આરોપી સામે કોઈ કેસ મળી આવ્યો નથી. આ સિવાય આરોપીના વકીલે વધુમાં રજુઆત કરી હતી કે વર્ષ ૨૦૧૨માં પશ્ચિમ બંગાળના પ્રાઈમરી શિક્ષણ વિભાગ દ્વારા ટીએટીની પરીક્ષા માટે આરોપીને એડમિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યું હતું. આરોપી પશ્ચિમ બંગાળના બસીરહાટમાં તેના પરિવાર સાથે આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડમાં દર્શાવેલા એડ્રેસ પર રહે છે.

આ મુદ્દે મદદનીશ સરકારી વકીલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આરોપી છેલ્લા ૧૪ વર્ષથી ફરાર હતો અને પોતે પશ્ચિમ બંગાળના બસીરહાટનો રહેવાસી છે, જો જામીન આપવામાં આવશે તો આરોપી ભાગી પણ શકે છે અને કેસની ટ્રાયલ દરમિયાન હાજર નહિ રહે. જેથી આરોપીના જામીન ફગાવી દેવા જોઈએ. આરોપી અબ્દુલ રજાક ગાઝીની ગુજરાત છ્જીની ટીમ દ્વારા ૨૪મી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ પશ્ચિમ બંગાળના બસીરહાટમાથી ધરપકડ કરવામાં આવી હતી. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પાસે બ્લાસ્ટ થયો હતો.જેમાં ૧૦ જેટલા લોકો ઘાયલ થયા હતા.

### હાલ ૬૫ ડોલરની આસપાસ ચાલી રહ્યો છે ક્રૂડનો ભાવ

# હાય રે મોંઘવારી: અમદાવાદમાં પેટ્રોલ ૮૮ રૂપિયાને પાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૫

જે રાજ્યોમાં વેટના દર ઉંચા છે ત્યાં બસ થોડા જ દિવસોમાં પેટ્રોલ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં છે. વાત આટલેથી પૂરી નથી થતી. હાલની સ્થિતિ અને સંજોગો પણ કંઈક એવા છે કે, પેટ્રોલના ૧૦૦ રુપિયા પ્રતિ લિટરના ભાવ આગામી દિવસોમાં 'ન્યૂ નોર્મલ' બની રહેવાની પૂરી શક્યતા છે. આજે અમદાવાદમાં પેટ્રોલના ભાવ ૮૮ રુપિયાની સપાટીને વટાવી ગયા છે.

પેટ્રોલની કિંમતનો મોટો આધાર તેના પર લાગુ પડતા વિવિધ ટેક્સ અને ક્રૂડ ઓઈલની કિંમત પર નક્કી થાય છે. જો એપ્રિલ મહિનાથી પેટ્રોલિયમનું પ્રોડક્શન કરતાં દેશોએ તેમાં વધારો ના કર્યો તેમજ ટેક્સમાં પણ કોઈ રાહત ના મળી, તો મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી રાહત મળવાની શક્યતા લગભગ નહીવત છે.



વોલ સ્ટ્રીટની ત્રણ બેંકો ગોલ્ડમેન શાઝ, મોર્ગન સ્ટેન્લી અને બેંક ઓફ અમેરિકાનું આકલન છે કે, આગામી કેટલાક મહિનામાં ક્રૂડના ભાવ ૭૦ ડોલરની આસપાસ થશે અને તે વધીને ૭૫ ડોલર થઈ જાય તો પણ નવાઈ નહીં. એટલું જ નહીં, જો ઓપેક દ્વારા ક્રૂડનું પ્રોડક્શન વધારી દેવાયું તો પણ તેની ડિમાન્ડની સરખામણીએ પૂરવઠો ઓછો રહેવાથી પેટ્રોલ-ડીઝલ સસ્તા નથી થવાના.

હાલના દિવસોમાં જ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કેટલાક રાજ્યોમાં પેટ્રોલે સેન્ચ્યુરી ફટકારી દીધી છે, જેની પાછળ ત્યાં પેટ્રોલ પર લેવાતા ઉંચા ટેક્સ જવાબદાર છે. વળી, બુધવારે બ્રેન્ડ ક્રૂડ પણ ૬૫ ડોલર પ્રતિ બેરલની સપાટીને કૂદાવી ગયું હતું, અને ભારતની ક્રૂડની ખરીદી પણ સોમવારથી ૬૨ને બદલે ૬૩.૯૦ ડોલરના ભાવ પર પહોંચી છે. ભારતીય રિફાઈનરીઓ દ્વારા બ્રેન્ટને બદલે મિક્સ ક્રૂડ ખરીદવામાં આવતું હોય છે, જે બ્રેન્ટથી ૨-૩ ડોલર સસ્તું હોય છે. જોકે, ક્રૂડના ભાવ વધે તે સાથે આ અંતર ઘટતું જતું હોય છે. આ હિસાબે જો ક્રૂડ ૭૦ ડોલરની સપાટી પર પહોંચે તો ભારતની ખરીદીનો ભાવ ૬૮ ડોલરની આસપાસ પહોંચી જશે, જે હાલના ભાવ કરતાં ૬-૭ ડોલર વધુ છે.

એક્સપર્ટ્સનું માનીએ તો, ક્રૂડની કિંમતમાં ૧ ડોલરનો વધારો થાય તો ઘરઆંગણે પેટ્રોલની કિંમત ૫૫ પૈસા અને ડીઝલની કિંમત ૬૦ પૈસા જેટલી વધી જાય છે. આમ, જો ક્રૂડ ૭૦ ડોલરની સપાટીએ પહોંચી ગયું તો દિલ્હીમાં હાલ પેટ્રોલ જે ભાવે વેચાય છે તેનાથી ૩.૩૦ રુપિયા જ્યારે ડીઝલ ૩.૬૦ રુપિયા જેટલું વધી જશે.

# સરહદે શાંતિ જાળવવા ભારત-પાક ડીજીએમઓ વચ્ચે હોટલાઇન મંત્રણા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૫

પૂર્વી લદ્દાખમાં એલએસી પર ચીને બોર્ડર પરથી બંને દેશોની સેનાઓએ પાછળ હટવાનું શરૂ કરી દીધું છે ત્યાં પાકિસ્તાન પણ ઢીલુ પડી ગયું છે. પાકિસ્તાને સામે ચાલીને ભારતને શાંતિની અપીલ કરી છે. ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ્સ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે હોટલાઈન પર વાતચીત થઈ હતી. બંને દેશોની સેનાના ડીજીએમઓએ એક સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું હતું.

સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બંને દેશોએ તમામ સંધિઓ, સમજુતિઓ અને સંઘર્ષ વિરામ સહિતના નિયમોનું પાલન કરવા પર સહમતિ સધાઈ છે. આ સહમતિ ૨૪-૧૫ ફેબ્રુઆરીની મધ્ય રાત્રીથી જ અમલી બની ગઈ હતી. બંને દેશો વચ્ચે એ વાતને લઈને પણ સહમતિ સધાઈ હતી કે, જો કોઈ ગેરસમજ ઉભી થાય તો પહેલાથી જ રહેલી હોટલાઈન દ્વારા સંપર્ક કરવો અને બોર્ડર ફ્લેગ મિટિંગ્સની સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. બંને દેશોના ડીજીએમઓએ સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે, નિયંત્રણ રેખા અને બાકીના તમામ સેક્ટર પર સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ વાતચીત એકદમ સકારાત્મક વાતાવરણમાં થઈ હતી. બેઠકમાં બંને દેશો વચ્ચે એ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે, બંને દેશો એ મુદ્દા અને ચિંતાઓ પર કાર્યવાહી કરશે જેના કારણે શાંતિ ભંગ થાય છે અને હિંસા થાય છે. આ વાતચીત સરહદો પર સતત શાંતિ જાળવવાની દિશામાં ભરવામાં આવેલુ એક પગલુ છે.

# આજે સુરતમાં 'આપ'ની જીત: અરવિંદ કેજરીવાલ રોડ શો કરી સભા ગજવશે

(જી.એન.એસ.)સુરત,તા.૨૫

ગુજરાતની મહાનગર પાલિકાઓની યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસને ફટકો અને ભાજપને ઝટકો આપ્યો છે, આમ આદમી પાર્ટીને કારણે કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી ત્યાં જ જે પાટીદાર વિસ્તારને ભાજપ પોતાનો ગઢ માનતું હતું એમાં ૨૭ બેઠકો જીતીને આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં નવા રાજકારણની શરૂઆત કરી છે આપને મળેલી સફળતાને પગલે આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૨૬મી ફેબ્રુઆરીએ સુરતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે જેમાં તેઓ રોડ શો કરવાના છે અને સાથે જ જનસભાને પણ સંબોધિત કરવાના છે.



અરવિંદ કેજરીવાલની સુરત મુલાકાત અંગે માહિતી આપતા આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલ આજે એટલે કે ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૮:૦૦ કલાકે સુરત એરપોર્ટ પર આવશે, જ્યાં પાર્ટીના પદાધીકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યાંથી તેઓ સર્કિટ હાઉસ જશે ત્યાં શહેરના અગત્યના સામાજીક અને રાજકીય આગેવાનો સાથે મુલાકાત કરવામાં આવશે.

અરવિંદ કેજરીવાલ બપોરે ૩:૦૦ વાગે સુરતના મીની બજાર માનગઢ ચોકથી રોડ-શો માં જોડાશે. આ રોડ શો મીનીબજાર (માનગઢ ચોક) થી શરૂ થશે, જ્યાંથી હિરાબાગ, રચના સર્કલ, કારગીલ ચોક, કિરણ ચોક, યોગી ચોક, સીમાડા નાકા, સરથાણા જકાતનાકા સુધી રોડ-શો કરશે, ત્યાં એક જનસભાને પણ તેઓ સંબોધિત કરશે. સાંજે ૭:૦૦ વાગે સુરત એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

# મશહૂર પંજાબી સિંગર સરદૂલ સિકન્દરનું કોરોનાના કારણે થયું નિધન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૫

પંજાબના જાણીતા ગાયક સરદુલ સિકંદરનું નિધન થયું છે. તેમને કોરોનાથી ચેપ લાગ્યો હતો અને લાંબા સમયથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે કિડનીની સમસ્યાને કારણે એક મહિના પહેલા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઓપરેશન સફળ રહ્યું હતું, પરંતુ તે દરમિયાન તેમને કોરોના ચેપ લાગ્યો અને આને કારણે તેમનું મૃત્યુ થયું. કહેવામાં આવી રહ્યું છે કે સરદુલ સિકંદરનું મંગળવારે સવારે અવસાન થયું હતું. સરદુલ સિકંદર એક પંજાબી ભાષાના લોક અને પોપ ગાયક હતા. ૧૯૮૦ ના દાયકામાં, સરદુલે તેમનું પહેલો આલ્બમ "રોડવેઝ ધી લારી" રિલીઝ કર્યું હતું. આ પછી, તેમણે ક્યારેય પાછળ ફરીને જોયું નથી. સરદુલ સિકંદરે ઘણાં હિટ ગીતો આપ્યા. આ સિવાય તેમણે ફિલ્મોમાં પણ પોતાનો અભિનય કર્યો હતો. સિકંદરના મોતથી પંજાબી સંગીત ક્ષેત્રને મોટો ઝટકો લાગ્યો છે. પંજાબી સિંગર અને ગીતકાર હેપી રાયકોટીએ સરદુલનો ફોટો શેર કરતાં લખ્યું હતું કે, "ઓયે માલકા, આ કહ કહર કમાયા. સિંગર મિસ પૂજાએ સરદુલ સિકંદરનો ફોટો શેર કર્યો અને લખ્યું કે, "તે વિશ્વાસ કરી શકતી નથી કે ઉસ્તાદ સરદુલ સિકંદર અમને છોડી ગયા છે. ભગવાન તેમના આત્માને તેમ જગાય આપે રેસ્ટ ઈન પીસ ગુરુજી. આ પ્રખ્યાત ગાયકને બે પુત્રો આલાપ અને સારંગ સિકન્દર છે. બંને સિંગીગ દુનિયા સાથે જોડાયેલા છે, સરદુલ સિકંદર ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં સિંઘુ બોર્ડર પર ખેડૂત આંદોલન માટે ગયો હતો. તેમની સાથે તેમની પત્ની અને ગાયક અમર નૂરી પણ હાજર રહ્યા હતા.સિંગરના મોતને લઈને પંજાબના સીએમ અમરિંદર સિંહે ટ્વિટ કરીને સરદૂલ સિકંદરને શ્રધ્ધાંજલિ પાઠવી છે.







Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)

PAGE-1.pmd 4 25-Feb-21, 10:48 PM